શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ


ફેબ્રુઆરી' ૨૦૦૩

## ''આટલી વાત સહેલી નથી''

માફી માગવી, ભૂલ કબૂલ કરવી, ભૂતકાળને ભૂલી નવું શરૂ કરવું, સાવ નિસ્વાર્થ બનવું, કોઈની સલાહ માગવી, ઉદાર બનવું, હાર્યા વગર પ્રયત્ન ચાલુ રાખવો, પહેલા વિચાર કરીને પગલું ભરવું, સામાને સમજી શકવો, લાયકની કદર કરવી

આ બધું સહેલું નથી પણ જો એને અમલમાં મૂકવામાં આવે તો આપણને સરવાળે લાભ થાય છે. એમાં શંકા નથી. માણસ ટૂંકી બુધ્ધીથી વિચારે તો તત્કાળ લાભના વિચારમાં ખેંચાઈ જાય છે. ભારે તોફાન વખતે નાવને કિનારે બાંધી રાખનારના ઉત્સાહને જખમ થાય એ ખરું પણ એને આખી જીંદગીથી હાથ ધોઈ નાખવા પડતા નથી. એ શું ઓછી વાત છે.

*- સંકલન*



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રીમતી મંદુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા) પુરસ્કૃત**

# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

આપ સૌની જાણ ખાતર કોમ્પ્યુટર શિક્ષણ યોજના ચાલુ થઈ ગઈ છે આ યોજનાનો લાભ ૨૦૫જણ લઈ રહ્યા છે.

આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં WINDOWS, MSDOS, MS OFFICE, INTERNET અને EMAIL શીખવાડવામાં આવશે.

આ પ્રવૃત્તિ માટે નીચે મુજબ જણાવેલ સંસ્થાઓ સાથે મળીને આનો લાભ દરેક મુંબઈ તથા પરામાં રહેતા લોકોને આપવાનું વિચાર્યું છે.

1) Keerti Computer Institute - Kalbadevi, Ph : 22000666

2) Kesar Computer Classes - Malad (W), Ph : 28811231

3) Plus Point Infotech (P) Ltd. ના સેન્ટરો

| | | | |
|---|---|---|---|
| Kandivali (w) | ✆ : 2863 5659 | Malad (E) | ✆ : 2880 0588 |
| Dahisar (E) | ✆ : 2894 0919 | Virar (W) | ✆ : 95250-2510193 |

Sterlite Foundation ના સેન્ટરો

| | | |
|---|---|---|
| (1) Andheri (W) | (2) Bhayander (W) | (3) Dombivali (E) |
| (4) Dahisar | (5) Goregaon (W) | (6) Lower Parel |
| (7) Mira Road (E) | (8) Marine Line | (9) Matunga (E) CR |
| (10) Sion | (11) Vile Parle (E) | (12) Worli |
| (13) Worli (Sea Face) | | |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું જરૂરી રહેશે, તા. ૧-૪-૨૦૦૨થી ફોર્મની સાથે રૂા. ૭૫૦/-રોકડા અથવા ચેક અને એક ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૫૦૦/- ચેકથી પાછા આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) મંત્રીશ્રી શીરીષ પરીખ (Blossom Cards) તથા પ્રમુખશ્રી અસીત દેસાઈ (Impex Agency) - Nagedevi અને Chandresh Enterprise Corpn. Loharchawl.

આ અંગેની વધુ જાણકારી માટે સંયોજક સમીર જ. ગાંધીનો સંપર્ક સાધવો.

**Samir Jayandra Gandhi**

C/o. Nikoshi Trading Co., Room No. 12/5 1st floor, Carmellos building,
63/67 Pathak wadi, Lohar Chawl, Mumbai - 400 002.

**Tel : (O) 22060294 / 22038077 (R) 23879098**

| | |
|---|---|
| ***મંત્રી*** | ***સંયોજક*** |
| ***શીરીષ પરીખ*** | ***સમીર જયેન્દ્ર ગાંધી*** |

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૩ | ૧૧ | ૧૪-૦૨ -૨૦૦૩ |



**નિખિલ પરીખ (તંત્રી)**
**જતીન ન. દેસાઈ**
**ચેતન કાં. મોદી**
**શ્રીમતી રીટા મુ. ગાંધી** (S.E.O.)
**નિકેશ જ. ગાંધી**

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડસ, ૮૮/E ખાડીલકર રોડ, ૪, નારાયણવાડી બિલ્ડિંગ,
કાંદાવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪
**ટે.ઓ.** : ૨૩૮૬૦૦૨૯/૨૩૮૨૫૦૨૫ ● ઘર : ૨૩૮૮૯૬૦૬
ફેકસ : ૩૮૨ ૫૦૨૫

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# સાહિત્ય સ્પર્ધા

**તંત્રીસ્થાનેથી**

મહાન શરણાઈ વાદક બીસમીલ્લાખાન અને અન્ય સંગીતકારોને આજકાલ કોઈ સ્પોન્સર્સ નથી મળતાં બધે એક જ વાત ક્રીકેટ વર્લ્ડકપ પછી વાત. આજ સ્પોનસર્સ ફેશન શો કે પછી સૌંદર્ય સ્પર્ધા કે ફિલ્મફેર એવાર્ડ જેવા શો માટે હંમેશા તૈયાર હોય છે. સંગીત અને સાહિત્યવાંચનથી આજની પેઢી દર ને દૂર થતી જાય છે. આજના ટી.વી. યુગમાં વાંચનની પ્રવૃત્તિ ધીરે ધીરે બંધ થવા લાગી છે. ફાલતુ ટી.વી. સીરીયલો જોવા માટે લોકો રાતના ઉજાગરા કરે છે. પણ સારી નોવેલો કે ચોપડીઓને કોઈ હાથ લગાવતું નથી. જ્યોતિપુંજમાં પણ આની અસર દેખાય છે. સારા સારા લેખો આવતાં બંધ થઈ ગયા છે. લોકોનો લખવાનો અને વાંચવાનો ઉત્સાહ મોળો પડતો લાગે છે. બહુ આગ્રહ કરીને કહીએ તો પણ સારા લેખકો લખતાં નથી. આવી વિષમ પરિસ્થિતિમાં જ્યારે સાહિત્ય સ્પર્ધાની વાત આવી ત્યારે બે ઘડી વિચાર આવી ગયો કે આજે જ્યારે સમાજમાં પૈસા, ફેશન, શો ઓફ અને અન્યને નીચા દેખાડી પોતે ઉજળા દેખાવાની, લોકોને ઉઠાડી મુકવાની સ્પર્ધા ચાલી છે ત્યાં આવી સાહિત્ય સ્પર્ધામાં સહકાર મળશે કે નહીં. પરંતુ વંદનાબેન ધારીઆ તથા ઉષાબેન ધારીઆએ પાછળ પડી આ જ્યોતિપુજ દ્વારા સ્પર્ધાનું આયોજન

*કર્યું. સારો કહી શકાય એવો રીસપોન્સ અમને આપણા સાત લેખકો દ્વારા મળ્યો. હજી વધુ લેખકો જેની લેખન ક્ષમતા માટે મને માન છે તેઓ સ્પર્ધાથી દૂર રહ્યા એનું દુ:ખ થયું. પણ ભવિષ્યમાં તેઓ તરફથી સહકાર મળશે એવી આશા છે.*

*સાહિત્ય સ્પર્ધાનો વિષય હતો, 'તમે તમારી વયમાં કયું સુંદર પુસ્તક વાંચ્યું છે? એમાં તમને વિશેષ શું ગમ્યું અને તે શા માટે?' સાત લેખકોએ આ માટે પોતાના લેખ મોક્લયા હતાં જેનું શ્રી પ્રવીણભાઈ દેસાઈના સહકારથી પ્રાધ્યાપક બકુલભાઈ રાવળ પાસેથી પરીક્ષણ કરાવ્યા પછી નીચે મુજબના ક્રમમાં લખાણોને મુકવામાં આવ્યાં હતા. સ્પર્ધા હતી એટલે ઈનામ માટે ક્રમાંક આપ્યા છે. પરંતુ તંત્રી તરીકે સાત સારા લેખો મળ્યાનો આનંદ વિશેષ છે. એક અંકમાં બે લેખો પ્રકાશિત થશે. ઈનામોઆપવાબદલ વંદનાબેન ધારીઆનો તથા પરિક્ષણ કરી ૧પવા બદલ શ્રી બકુલભાઈ રાવલનો વિશેષ આભાર શક્ય હશે તો જ્યોતિપુંજ દ્વારા જ આવી સાહિત્ય સ્પર્ધાઓનું આયોજન થશે. લેખકોને સહકાર આપવા ખાસ વિનંતી.*

## વિષયોમાં કૃષ્ણ વધુ લોકપ્રિય રહ્યા પછી ગાંધીજી તથા સરસ્વતીચંદ્ર

| *ક્રમાંક* | *શિર્ષક* | *લેખક* |
|---|---|---|
| ૧) | શ્રી કૃષ્ણ એક યુગપુરુષ | અમીતા ધારીઆ |
| ૨) | સમી સાંજના પડછાયા | સુરેન્દ્ર આર. મોદી |
| ૩) | કૃષ્ણાનું જીવન સંગીત | મંગલભાઈ પરીખ |
| ૪) | માધવ ક્યાંય નથી | રીટા અભય શાહ |
| ૫) | પ્યારા બાપુની આત્મકથા | ઉષાબેન ધારીઆ |
| ૬) | સરસ્વતીચંદ્ર | રક્ષા મહેન્દ્ર શાહ |
| ૭) | સરસ્વતીચંદ્ર | કલ્પના પિયુષ દેસાઈ |

સૌ લેખકોનો હાર્દિક અભિનંદન

*✍ નિખિલ પરીખ*

## આગામી સાહિત્ય સ્પર્ધાનો વિષય

### મને સમાજ પાસેથી શું મળ્યું. હું સમાજ માટે શું કરી શકું.

**લેખ મોકલવાની અંતીમ તારીખ ૩૧ માર્ચ ૨૦૦૩**

થોડાંક નિયમો :-

**૧) લખાણ ફુલસ્કેપ કાગળ ઉપર માર્જીન રાખી કાગળની એક જ બાજુએ સ્વચ્છ અક્ષરે લખવું.**

**૨) ચાર ફુલસ્કેપથી વધુ લખાણ ન હોય તો સારું.**

**૩) લેખકનું નામ તથા સરનામું જુદી કાપલી ઉપર લેખ સાથે મોકલવું જેથી નિર્ણાયકોને મુશ્કેલી ન પડે.**

*- તંત્રી*

**કણમાં મણ**

- માનવીને વિશ્વાસ તારે છે, અહંકાર ડુબાડે છે.
- પ્રપંચથી મનુષ્યનું આત્મપતન થયા વિના રહેતું નથી.
- કલિયુગમાં પ્રેમપૂર્વકની સેવા તથા સ્મરણ જ શ્રેષ્ઠ સાધન છે.

***બાલાસિનોર પ્રગતિ સમાજ તથા દશાનીમા વિદ્યોત્તેજક મંડળના સખાવતી દાતાઓને સત્કાર સમારંભ તા. ૨-૪-૦૩ના ગુડીપડવાના શુભ દિવસે યોજવામાં આવશે. વધુ વિગત આવતા અંકમાં. - મંત્રીઓ***

# શ્રી કૃષ્ણ - એક યુગ પુરુષ

## વિજેતા ૧

*- અમિતા ધારીયા*

વાંચનનો શોખ મને બાળપણથી જ મારી મા પાસેથી ગળથુથીમાં મળેલો છે. મારી મા પાડોશમાં રહેતા વડીલો સાથે બેસી જ્યારે ધાર્મિક ગ્રંથ વાંચતી હતી, ત્યારે મારા બાળ સહજ હાથમાં એક ચિત્રપોથી રહેતી. જેના ચિત્ર મને બાળપણથી લઈને આજે પણ આકર્ષી રહ્યા છે. એ છે, 'બાળ ચિત્રો કથા-કૃષ્ણ લીલા.'

જેમ જેમ સમય વિતતો ગયો, વાંચનનો શોખ એ જ રહ્યો. સાહિત્ય બદલાતું ગયું, પુસ્તકો બદલાતાં ગયાં. વાચનની અવિરત ચાલતી ગાડી ચિત્રકથાઓ પરથી બાળવાર્તાઓ, નવલિકા, નવલકથા, પ્રેમકથા, જાસૂસ કથાઓ, સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક જેવા અનેક પુસ્તકોનાં વાંચન સાથે આગળ વધતી જ ગઈ.

વાંચનના આ આગળ વધતાં વેગમાં અતીતમાં જઈને કરેલ વાંચનનું મનન કરવાનું ભાગ્યે જ થતું. પણ જ્યોતિપુંજે આ લહાવો આપ્યો. સાહિત્ય સ્પર્ધા નિમિત્તે, અતીતથી વર્તમાન સુધીની સફરમાં વાંચેલા ઘણાંબધાં પુસ્તકોની નિદ્રાધીન થયેલી સ્મૃતિઓને ઢંઢોળવાનો. જેમાંના કેટલાક પાત્રોએ જાણે અજાણે મારા વ્યક્તિત્વ પર અમીટ છાપ ઉપસાવી છે.

હંમેશા આ બધામાં મારા આદર્શ રહ્યા છે. - શ્રી કૃષ્ણ. જેઓએ હજારો વરસોથી મારા, તમારા જેવા કરોડો માણસોને આકર્ષયા છે. મંત્ર મુગ્ધ કર્યા છે. ભાવ તરબોળ કર્યા છે. પરિપ્લાવિત કર્યા છે. વિશ્વના કોઈ સર્જકને - કલાકારને કૃષ્ણના એક યા બીજા પાસાને સ્પર્શ્યા વિના તૃપ્તિનો ઓડકાર નથી આવતો.

એટલે જ શ્રી કૃષ્ણનું આલેખન પ્રાચીન ગ્રંથો જેવાં કે મહાભારત, હરિવંશ, શ્રી વિષ્ણુપુરાણ, શ્રીમદ્ ભાગવત ઉપરાંત આધુનિક સર્જકોએ પણ પોતાની વિવિધ કૃતિઓમાં કર્યું છે. જેવી કે, શ્રી કનૈયાલાલ મુનશીએ 'કૃષ્ણાતવાર', ઓશો રજનીશે 'કૃષ્ણ મારી નજરે', 'શ્રા પાંડુરંગ શાસ્ત્રીએ 'શ્રી કૃષ્ણ દર્શન'', શ્રી હરીન્દ્ર દવેએ 'માધવ ક્યાંય નથી', 'કૃષ્ણ અને માનવ સંબંધો', 'આનંદ પુરુષ -શ્રી કૃષ્ણ' શ્રી દિનકર જોષીએ 'શ્યામ એક વાર આવોને આંગણે'

શ્યામ એક વાર આવોને આંગણે! મારે તમને જોવા કંઈક કહેવું છે. શ્વાસની એક ક્ષણે આ ચિત્કાર ઉઠે છે, જે ક્ષણે આજેય આપણા બધામાં ક્યાંક ને ક્યાંક ક્યારેક ને ક્યારેક વસુદેવ, દેવકી, રૂકિમણી, સત્યભામા, અર્જુન, દ્રોપદી, અશ્વત્થામા, અક્રુર અને કંસ સુદ્ધા શ્વાસી લે છે કે જેઓને કૃષ્ણનાં સાનિધ્યમાં શ્વસવાનું સૌભાગ્ય સાંપડયું છે.

પણ કૃષ્ણ ખરેખર આપણે આંગણે આવીને ઉભા રહે તો એમને કહેવા જેવું કંઈ આપણી પાસે છે ખરૂ? આપણે એમને શું કહીશું? આ પ્રશ્નનો ઉત્તર આપણી પાસે નથી છતાંય પેલું કશુંક અમૂર્ત પામ્યા વિનાની અધૂરપ વધતી જાય છે. એ જ આપણા માનવ જીવનની કરૂણતા છે.

કૃષ્ણને કોઈ ચોક્કસ આકૃતિમાં જોવા એ તો આપણાં ચર્મચક્ષુઓની મર્યાદાનું પરિણામ છે. વાસ્તવમાં કૃષ્ણ એ તો એક નિતાંત ભાવના છે. જેને આકાર ન હોય, માત્ર અનુભૂતિ હોય. માનવીના અંતસ્તલમાં કશુંક અમૂર્ત પામવાની જે અવિરત ઝંખના રહેલી છે. એ જ તો કૃષ્ણ-દર્શન છે. આ દર્શન પ્રાપ્ત થતું નથી અને અતૃપ્તિનો ઓડકાર માણસને વ્યગ્ર કરી મૂકે છે.

જે ક્ષણે આપણામાં ઉધ્ધવ અને રાધા શ્વસી લેશે એ ક્ષણે એ અમૂર્તની ઝંખના પૂરી થઈ શકે. ઉધ્ધવ અને રાધા, પોતાને આંગણે કૃષ્ણને નોતરતાં નથી કેમકે તેઓ

સ્વયં, સદાય કૃષ્ણના આંગણે જ શ્વસેછે. ઉદ્ધવ અને રાધાની આ ભૂમિકાની શોધ એ જ તો આ નવલકથા, શ્યામ એક વાર આવોને આંગણે.

અને આ સંવેદનાને સાકાર કરે છે નવલકથાનાં વિવિધ પ્રકરણો.

અર્જુન વિષાદયોગમાં કૃષ્ણની વિદાય પછીની દ્વારકા કોઈક શાપિત નગરી જેવી શિલ્પકૃતિ થઈ ગઈ હતી. આમાં અર્જુનને સતત કૃષ્ણનો અવાજ પડઘાતો હતો. બ્રહ્મલોકનાં સંગીતના સૂર જાણે હવામાં ઉપસ્યા અને અર્જનને કૃષ્ણની વાંસળીના સૂરનો અહેસાસ થયો. 'શંખધ્વનિ અને રણભેરીઓના અવાજ વચ્ચે જે વાંસળી સાંભળી શકાઈ હોત તો એ મહાવિનાશ થયો જ ન હોત.' અર્જુન કેવો હતભાગી હતો કે આટલા વરસો પછીય એણે કૃષ્ણનાં હોઠેથી વહેતાં વાંસળીનાં સૂર સાંભળ્યા જ નહોતા. અર્જુનના વિષાદની પરાકાષ્ઠા આવે છે જ્યારે તે આ યુગપુરુષ યુગનાં દુર્ભાગી પિતા વસુદેવ અને માતા દેવકી કે જેઓએ જન્મ આપીને તરત જ પુત્રને ત્યજી દેવો પડયો હતો એ પુત્ર હવે જીવનની આખરી પળે એના આ જનક-જનેતાને ત્યજી ગયો હતો. તેઓને વંદન કરશે ! અર્જુન ત્યારે ચિત્કારી ઉઠે છે, 'કૃષ્ણ, મહાયુદ્ધનાં છેલ્લાં દિવસે જે રથમાંથી મને ઉતાર્યા એ રથમાંથી તમે જ પ્રથમ ઉતરી ગયા હોત તો, શાસ્ત્રોથી પહેલેથી જ બળી ચૂકેલો રથ ત્યારે આંખના પલકારામાં ભસ્મ થઈ ગયો હતો. હું પણ એ ભસ્મમાં વિલીન થઈ જાય તો આ હૈયુ ચીરી નાખે તેવી વેદનાની પળ ઉગત જ નહિ.'

માતા દેવકીને થાય છે કે હું દેવકીને બદલે યશોદા થઈ હોત તો કેવું સારું થાત ? એને અતિશય પ્રિય એવા માખણ-મિસરી મેં મારા હાથે ખવડાવ્યા હોત. મારા લાલને ખોળામાં સૂવાડીને એની પીઠ થાબડીને સુવાડી દેવાનું સૌભાગ્ય મને કદી ન મળ્યું. દેવકીએ અર્જુનને કહ્યું, 'અર્જુન કૃષ્ણ જો ક્યાંય મળે તો એને કહે જે, બેટા, દેવકી તારી રાહ જુએ છે.' પિતા વસુદેવ બોલ્યા, 'મારા પાર્થિવ દેહની અંત્યેષ્ઠિ કર્યા પછી તું પ્રભાસક્ષેત્રમાં જજે પુત્ર ! અને જો હિરણ-કપિલાના સંગમ તટે ક્યાંય કૃષ્ણ મળે તો એને કહેજે કે પિતા વાસુદેવ સ્વર્ગના કારાવાસમાંય તારી જ પ્રતીક્ષા કરે છે અને કરશે, યુગાંતરો સુધી...'

દેવી સત્યભામા પણ વ્યથિત હૃદયે અર્જુનને કહે છે, 'ક્યાંક તમને કૃષ્ણ મળે તો મારો સંદેશો કહેજો કે તમને દુભાવ્યા એ પાપની મને ગમે તેવી નિષ્ઠુર શિક્ષા કરો પમ સમગ્ર કૂળ અને નગરીને આમ કર્મ ત્યજી દીધી.'

વસુદેવ, દેવકી અને સત્યભામાનાં સંદેશા સાંભળી અર્જુન વિચારે છે કે કદાચ કૃષ્ણ મળી જાય તો એને કહેવા જેવું મારી પાસે શું છે ? દારૂક કે જેને યાદવોની સંહારલીલા નજરે જોઈ હતી તેને અર્જુન પૂછે છે, 'દ્વારકા નગરીમાં તો કૃષ્ણે મદિરાપાન નિષિધ ગણ્યું હતું. યોદવો સુરાપાન ન કરે તે માટે કૃષ્ણ કૃતનિશ્ચયી હતા, આમ છતાં આ શી રીતે બન્યું ?' દારૂકે કીધું, 'શાશનના નિયમોથી સામાજિક સ્વાસ્થ્ય જાળવી શકાતું નથી ! અનો એ પછીની નજરે જોયેલી સંહારલીલા વર્ણવી.'

જરા પારથીને જોતા જ અર્જુન ક્રોધથી રાતો પીળો થઈ ગયો. તે વિચારમાં પડી ગયો કે જે કામ મોટા મોટા મહારથીઓ ન કરી શક્યા તે આ હીન કક્ષાનો માણસ શી રીતે કરી શક્યો ? ત્યારે દારૂકે યાદ દેવરાવ્યું, 'શ્રી કૃષ્ણ સ્વયં યાદવ હતા અને યાદવકુળને બને તો માતા ગાંધારીએ છત્રીસ વરસ પહેલાં જ હણી નાખ્યું હતું.'

આ નવલકથાનાં બીજાં પાત્રો જેવાકે દ્રોપદી, અશ્વત્થામા, અક્રુર કૃષ્ણની વિદાય પછી તેની યાદોનાં વનમાં જ વિહાર કરે છે. સર્વત્ર તેઓને કૃષ્ણનાં શબ્દો

જ પડઘાય છે. કૃષ્ણાને કહેલાં કટુ શબ્દો, કૃષ્ણને આપેલી વેદના, વ્યથા કૃષ્ણની વિદાય પછી તેઓનાં હૈયાને હચમચાવી જાય છે, તેથી કૃષ્ણનું સાનિધ્ય માનેલાં દરેકનાં હૃદયમાંથી એક જ ચિત્કાર ઉઠે છે, શ્યામ તમે એકવાર આવોને આંગણે. મારે તમને કંઈક કહેવું છે.

માનવજીવનની કરૂણતા પણ એ જ છે. સ્વજન, સંબંધી કે મિત્રોની વિદાય પછી તેમનું સાનિધ્ય માણતાં માણતાં તેઓને કરેલા કટુ શબ્દો, આપેલ વ્યથા મગજમાં ઘુમરાય છે અને એ અમૂર્તની ઝંખના થયા જ કરે છે. હૈયુ હંમેશા પોકાર કરે છે, 'એક વાર આવોને! મારે તમને કંઈક કહેવું છે.'

ઉધ્ધવ-કૃષ્ણ બાળપણનાં સખા, આ નવલકથાનું એક અહમ પાત્ર, જેને કૃષ્ણની વિદાયનો દારૂણ વૃતાંત જરાય વિચલીત નથી કરતો. પ્રભાત ક્ષેત્રની યાત્રાએ કૃષ્ણ ગયા તેની પૂર્વસંધ્યાએ તેમને ઉધ્ધવને જે શબ્દો કહ્યાં હતા તેનો સંકેત કૃષ્ણની વિદાય પછી સમજાય છે, 'મહાકાળના સામ્રાજ્યમાં કોઈ જીવ ક્ષુદ્ર નથી. માત્ર કાળ જ સમર્થ છે. અન્ય સહુ જીવમાત્ર નિમિત્ત છે.''કલ્યાણમાર્ગની યાત્રા એકલપંથી હોય છે ઉધ્ધવ!' કોઈ આંગળી ચીંધ્યાનું પુણ્ય લઈ શકે, બાકી આત્માને આ માર્ગ પર એકલા જ વિચારવાનું હોય છે. કોઈ કોઈના સુખનું કારણ બનતું નથી. કોઈ કોઈના દુઃખનું ય કારણ નથી બનતું. એકલો આત્મા અને એના કર્મો બે જ પરસ્પરથી વીંટળાયેલાં છે, 'આ શબ્દોનું વિસ્તૃત વર્ણન 'મહાકાળનો સંકેત' અને 'કલ્યાણમાર્ગનીયાત્રાં' પ્રકરણમાં ખૂબ સારી રીતે કરેલું છે.'

અક્રુર સાથે ગોકુળ છોડી મથુરા ગયેલા કૃષ્ણએ મહાસભામાં મામાકંસને માર્યા પછી કંસ અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ ખૂબ જ હૃદયસ્પર્શી છે. કંસ પૂછે છે, 'પાપાચારી દુર્મિલનો નાશ કરવાને બદલે આ નિર્માલ્યોએ સાંસ્કૃતિક મૂલ્યોને નામે પોતાનો વૈરાગ્નિ નિર્દોષ પવનરેખા (કંસની માતા)' પર શા માટે ઠાલવ્યો?'' મામા કંસનો પ્રશ્ન વ્યાજબી હતો. કૃષ્ણે ગંભીર સ્વરે કહ્યું, 'વ્યક્તિને થયેલો અન્યાય ગમે તેટલો નિષ્ઠુર હોય તોય કોઈ એકાદ સમર્થને એકહથ્થુ શાસન કરવાનો અધિકાર મળી જતો નથી. અન્યાય વિરૂદ્ધ સંઘર્ષ કરવો, પણ અન્યાયને નિમિત્ત બનાવીને સ્વકેન્દ્રી સમાજનું નિર્માણ ન કરી શકાય. અન્યાયનો સામનો વધુ અન્યાયથી ન થાય મામા!' મરણની છેલ્લી ઘડીએ મામા કંસ કહે છે, 'જો પવનરેખાઓની નિર્દોષતાને દંડવામાં આવશે તો, જે કામ કંસે કર્યું હતું, એ જ કામ ભવિષ્યમાં કૃષ્ણનાં હાથે થશે.' એટલે જ વરસો પછી ભૌમાસુરના કારાવાસમાંથી મુક્ત થયેલી સ્ત્રીઓને કૃષ્ણે દ્વારકાના રાજમહેલમાં આવકાર આપ્યો હતો. પવનરેખા-યાદવ પરિવારોમાં ઉપેક્ષિત જીવન વ્યતીત કરી ચૂકેલી એક નારી અને એને થયેલો અન્યાય પુનરૂક્તિ ન પામે એ માટેનો એ નિર્ણય હતો.

જે મથુરાને કૃષ્ણે એનું સ્વાતંત્ર્ય પુનઃપ્રાપ્ત કરાવી દીધું. જે મથુરાના યાદવશ્રેષ્ઠીઓને પુનઃગણતંત્રના અગ્રણીપદે સ્થાપ્યા. એ જ મથુરાએ એ જ યાદવ શ્રેષ્ઠીઓએ જરાસંઘના હુમલાના ભયે કૃષ્ણને કહી દીધું, 'કૃષ્ણ હવે અમને તારો ખપ નથી, તું અહીંથી જતો રહે!'

આવા તો કેટલાય કડવા ઘૂંટડાં પીધેલાં કૃષ્ણ માટે હૈયુ ચીરી નાખે તેવી વેદના થાય છે કે, ન્યાય અને ધર્મના રક્ષણ માટે અવિરત ઝૂઝતા રહેલાં કૃષ્ણને સ્વયં જીવનમાં આવી અવહેલના જ કેમ પ્રાપ્ત થઈ હશે? ન્યાયના પક્ષે રહીને, કદીય કશું મેળવ્યા વિના વીતેલાં આ જીવનમાં કેમ અન્યાયના ઘૂંટ જ પીવાના આવ્યા હશે?

રાધા, જેના વિના કૃષ્ણ અધુરા લાગે. એ રાધાને ઉધ્ધવ ગોકુલમાં મળે છે. રાધા ઉધ્ધવને ગોકુળ છોડયાની આગલી રાતનું વર્ણન કરે છે, 'જે ક્ષણથી કૃષ્ણે

મથુરાગમન કર્યું એ ક્ષણથી કૃષ્ણનો વ્યાપ રાધાના અસ્તિત્વના રોમેરોમમાં ફરી વળ્યો છે. ગોકુળવાસી કૃષ્ણ તો દર્શનીય હતા. હવે અદૃષ્ટિ કૃષ્ણ તો પ્રતિક્ષણ, પ્રતિસ્થળે, વિદ્યમાન છે.' વિદાયની એ પળે કૃષ્ણે કહ્યું હતું, 'રાધા, જ્યાં સુધી આ ક્ષણની સુગંધ જાળવી રાખીશ, ત્યાં સુધી કૃષ્ણથી તને કોઈ વિખૂટી નહીં પાડી શકે.'

રાધા ઉધ્ધવને કહે છે, 'કૃષ્ણે એમનો જ ત્યાગ કર્યો છે, જેઓએ કૃષ્ણને વિદાય આપી હતી.' ઉધ્ધવના ચિત્તમાં ચકરાતા કેટલાય દિવસોના પ્રશ્નનો ઉત્તર તેને મળી ગયો હતો કે, પોતાના અંતિમ શ્વાસની પળે કૃષ્ણે રાધાને જ કેમ સ્મરી હતી?

આ નવલકથાનું છેલ્લું પ્રકરણ- 'પારસમણિના સંસ્પર્શે' તેનું હાર્દ છે, અને તેનું આલેખન પણ ભાવાત્મક છે. માનવજીવનને શૂન્યતા અને આસક્તિ ઘેરી ન વળે તે માટેનાં સુંદર શબ્દોનો, કૃષ્ણનો કરૂણાસભર અને મુલાયમ સ્વર ઉધ્ધવને સતત સંભળાતો દર્શાવ્યો છે.

આમ આ નવલકથા 'શ્યામ એક વાર ઓવોને આંગણે'માં શ્રી દિનકરભાઈ જોષીએ, કૃષ્ણના અક્રુર સાથે ગોકુળથી મથુરા તરફનાં પ્રયાણથી લઈને, કૃષ્ણની વિદાય સુધીમાં કૃષ્ણનું સાનિધ્ય માણી ચૂકેલાં પિતા વસુદેવ, માતા દેવકી, રૂક્મિણી, સત્યભામાની વ્યથા, અર્જુનની વ્યગ્રતા, અશ્વત્થામાનો ચિત્કાર, અક્રુરની વેદના, ઉધ્ધવ અને રાધાનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ દર્શાવ્યા છે. કૃષ્ણએ તેમને કહેલાં શબ્દોનું ખૂબ જ સચોટ આલેખન છે.

જે શબ્દો થકી માનવી જીવનની તમામ પરેશાની, સમસ્યાઓ વચ્ચે રહીને પણ ચિત્તની સમતા, મધુરતા કાયમ રાખીને જીવનની ખૂબ જ સાચી અને સુંદર કેડી કંડારી શકે. ◆ ◆ ◆

## કે.એમ.જી જનરલ હૉસ્પિટલ

ટ્રસ્ટી મંડળની એક સભા રવિવાર તા. ૧૯.૧.૨૦૦૩ના રોજ ટ્રસ્ટના પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહના લોનાવાલાના નિવાસસ્થાને મળી હતી.

ટ્રસ્ટના મંત્રીશ્રી વિજય શાં. ધારીયાનું રાજીનામું સખેદ સ્વીકારવામાં આવ્યું હતું અને તેમને કરેલ સેવાની નોંધ લેવામાં આવી હતી.

ટ્રસ્ટના મંત્રી તરીકે શ્રી ધીરૂભાઈ રમણલાલ શેઠની નિમણુંક કરવામાં આવી હતી.

સ્થાનિક સમિતિના મંત્રીશ્રી કીરતનલાલ મ. પારેખનું રાજીનામું સખેદ સ્વીકારવામાં આવ્યું હતું. અને તેઓએ આપેલ સેવાઓની નોંધ લેવામાં આવી હતી.

સ્થાનિક સમિતના મંત્રી તરીકે શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)ની નિમણુંક કરવામાં આવી હતી.

તા. ૧૫.૧૨.૦૨ના રોજ બીજો ન્યુરો સર્જન નિદાન કેમ્પ ડૉ. તુષાર શાહ-અમદાવાદના સહકારથી રાખવામાં આવ્યો હતો. કુલ ૧૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.

તા. ૫.૦૧.૦૩ના રોજ પાંચમો હૃદયરોગનો ફ્રી નિદાન અને ઓપરેશન કેમ્પ ડૉ. ભૂપેશભાઈ ડી. શાહ (કાર્ડિયાક સર્જન) અને ડૉ. ભૂપેશભાઈ આર. શાહ કાર્ડિયોલોજીસ્ટના સહકારથી યોજવામાં આવ્યો હતો. જેમાં ૮૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતાં. ૮૧ E.C.G. કાઢવામાં આવ્યા હતા. ૬ X-ray કાઢવામાં આવ્યા હતા.

૬ ઠ્ઠી મફત આંખની તપાસની તથા મફત ચશ્મા વિતરણ શીબીર શનિવાર તા. ૨૨.૩.૨૦૦૩ના રોજ બાલાસિનોર મુકામે અને રવિવાર તા. ૨૩.૩.૨૦૦૩ના રોજ ફાગવેલ મુકામે મુંબઈના ચશ્માના વેપારી મેસર્સ કે. મનોહર એન્ડ કું. ના સાથથી રાખવામાં આવી છે.

*લી. વસંત પરીખ, ધીરૂભાઈ શેઠ*
*માનદ્ મંત્રીઓ*

# મને ગમતું સુંદર પુસ્તક

સાહિત્ય એટલે એવો લખલૂટ ખજાનો જે ક્યારેય ખૂટે નહિ. આપણી પાસે ધનના ભંડાર ભરેલા હોય અને એ જો વાપરવા બેસીએ તો એ ખર્ચાઈને તળિયા ઝાટક થઈ જાય. પણ સાહિત્ય એ એવો ભંડાર છે કે એને જેમ વાપરીએ તેમ વધતો જ જાય. અને આપણા જ્ઞાનમાં વધારો જ થતો જાય. નાનપણથી મને વાંચવાનો ખૂબ શોખ આપણું સાહિત્ય અને તે આપણી માતૃભાષામાં એને મન ભરીને લેવામાં જ આનંદ આવે. મેં આમ તો ઘણી નવલકથા, નવલિકા, આધ્યાત્મિક વગેરે વાંચ્યું છે. જ્યારે હું કિશોરાવસ્થામાં નવલકથાઓ વાચું ત્યારે મને એ વાર્તાના મુખ્ય પાત્રની જેમ સ્નેહ, સમર્પણ, લાગણી વગેરેના ભાવો હૃદયમાં ઉદ્‌ભવે. આ નવલકથાઓમાંથી મેં હરીન્દ્રદવે લિખીત 'માધવ ક્યાંય નથી.' નવલકથા વાંચી અને એ મારાથી ભૂલાતી જ નથી. આપણે ઘણી નવલકથા, વાર્તાઓ વાંચી હોય એને વારંવાર આપણે વાંચીએ પણ પછી આપણને એમ થાય કે હવે આ તો આખેઆખી સ્મરણ પટ પર છે. પણ જ્યાં 'માધવ', 'કૃષ્ણ'ની વાત આવે ત્યાં આપણે ક્યારેય ધરાઈએ. જેટલી વાર કૃષ્ણની વાત સાંભળીએ કે વાંચીએ ત્યારે એક અનોખા પ્રકારની લાગણી થાય. ભલે એ આખે આખી સ્મરણ પટ પર હોય.

આ નવલકથામાં લેખકે નારદ કૃષ્ણની ખોજ કરે છે એ દર્શાવ્યું છે. આપણે સર્વે આ ખોજ ગઈકાલે કરી હતી. આજે કરીએ છીએ અને કાલે પણ કરતા રહીશું. જેમ કૃષ્ણ ભગવાને ભગવદ્‌ ગીતામાં વારે વારે ધરતી પર અવતાર લેવાનું વચન આપ્યું છે એટલે આપણે એમની પ્રતીક્ષા કર્યા જ કરીએ છીએ.

'માધવ ક્યાંય નથી' નવા પ્રકારની જ નવલકથા છે. તેમાં લેખકે કૃષ્ણનું ચરિત્રનું વર્ણન કરતા મહાભારત, ભાગવત, હરિવંશ બધાનો આધાર લીધો છે. પણ તેમાં ગ્રંથની વાતમાં જ રસ નથી. તેમને તો 'નારદ'ને શ્રી કૃષ્ણનું સ્વરૂપ શ્રી કૃષ્ણથી દૂર રહેવા છતાં કેમ દેખાતું ગયું અને પોતાના ખુદનું સ્વરૂપ પણ કેવું રૂપ દેખાતું ગયું તેની વાત કહી છે. મિલન એટલે જ આદાન પ્રદાન. આ વાર્તામાં 'ભક્તને ઈશ્વરનું મિલન થતું હોય ત્યાં ભક્તનું સ્વરૂપ અને ઈશ્વરનું તેના હૃદયમાં રહેલું સ્વરૂપ કઈ રીતે બદલાય છે' તેની વાત છે. અને મારી આંખમાં આંસુ આવી જાય છે. શ્રી કૃષ્ણની શોધમાં નીકળેલા નારદને કૃષ્ણ ભગવાન કારાગારમાં જન્મ લે છે ત્યાંથી તેમની યાત્રા શરૂ થાય છે. તે ગોકુળ, મથુરા, વૃંદાવન, જરાસંઘની સભામાં, મહાભારતના યુદ્ધમાં વગેરે વગેરે દરેક પ્રસંગમાં એ મારા મન પર વશીકરણ કરે છે. વિરહનું વર્ણન એટલી સરસ રીતે કર્યું છે કે વ્રજમાં જઈને નારદ પૂછે છે કે નંદનું ઘર ક્યાં આવ્યું તો એક સ્ત્રી જવાબ આપે છે અહીંથી ચાલતા જાઓ અને આંસુની ખારી ભીનાશથી બનેલી કેડી જેના આંગણામાં અટકે તે નંદનું ઘર. આખા વ્રજમાં વિરહના મિલનની અનુભવની યાત્રા કરાવી છે.

શ્રી કૃષ્ણની શોધમાં નીકળેલા નારદને અંત લગી શ્રી કૃષ્ણ મળતા નથી. પણ શ્રી કૃષ્ણના વિવિધ સ્વરૂપના દર્શન તેમને મિલનવિહીન વિરહમાં થયા કરે છે. એ જ મારા હૃદયને સ્પર્શી જાય છે. અને છેલ્લે સુધી શ્રી કૃષ્ણ નારદને સજીવ અવસ્થામાં મળતાં જ નથી. તે કેવો વિરહ દેખાડે છે અને લેખકના શબ્દોમાં અંતમાં નારદને ખુલાસો મળી રહે છે. તે કૃષ્ણની વાણીમાંથી નહિ પણ હૃદયમાંથી ઝમી રહેલા રુધિરના સ્પર્શથી એને સંભળાય છે. 'નારદ યુગે યુગે કુરુક્ષેત્રો થતા રહેશે. યુગે યુગે યાદવાસ્થળી રચાશે પણ એ દરેક યુગે કૃષ્ણ હશે. કૃષ્ણ માટેનો તલસાટ હશે અને એમના તપે જ આ દુનિયામાં ટકી રહેશે.

એટલે માધવ ક્યાંય નહિ હોય પણ માધવ હશે

જ. ખરેખર કેવું અદ્‌ભૂત !' આ નવલકથા વાંચ્યા પછી કૃષ્ણ માટેનો તલસાટ વધે, આંખમાં છેલ્લે અશ્રુના ટીપા પણ આવી જાય અને કૃષ્ણની વાત ક્યારેય જૂની થાય ? એને જેટલી વાર વાંચે એટલી વાર હૃદયમાં એક અનેરા ભાવથી સ્મરણ થાય અને નારદની સાથે કૃષ્ણની શોધમાં આ જન્મ મરણના ફેરામાં ફર્યા કરીએ.

*- શ્રીમતી રીટા અભય શાહ*

સૌ પ્રથમ આવી સુંદર સ્પર્ધાના આયોજક વંદનાબહેનને ખૂબ અભિનંદન. આજના યુગમાં અસ્થિર વાતાવરણ, રેડિયો, ટી.વી. વગેરેના ઉપયોગથી માણસની ગ્રહણશક્તિનો લોપ થઈ ગયો છે. એવા સમયમાં સંદ્‌ગ્રંથોનું વાંચન અતિ દુર્લભ છે, ત્યાં સમૃધ્ધભાષા સાહિત્ય લેખ-લેખન તો વિસરાઈ જ ગયું છે. આ લેખ લખતાં લખતાં ભૂતકાળના સંભારણા વાગોળવાની તક મળી છે. અમે સ્કૂલમાં નવમા ધોરણમાં ભણતા હતા ત્યારે ગુજરાતી ગદ્યમાં એક નવલકથાનું નાનકડું પ્રકરણ આવ્યું. તે એટલું રસપ્રદ હતું કે તેનાથી આખી નવલકથા વાંચવાની પ્રેરણા થઈ. મારા જીવનની આ સૌથી સુંદર નવલકથા છે. આ મહાનવલકથાનું નામ છે ; 'સરસ્વતીચંદ્ર'

આ સુંદર વૃત્તિના રચયિતા છે સાક્ષર પેઢીના અગ્રણી સાહિત્યકાર 'ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી' એમની ઉંડી, ગંભીર, ચિંતન-મનનના પરિપાકરૂપ સત્યશીલ કૃતિ આજે ગંભીર સ્થાન છતા સર્વોત્તમ અને ઉત્તમોત્તમ સાહિત્ય તરીકે પૂરવાર થયું છે. મારા જીવનની આ સૌથી સુંદર બૃહદ નવલકથા છે. લેખકના માતુશ્રી પૂ. શિવકાશી એમની પ્રેરણામૂર્તિ હતી. જેની પ્રેરણાથી આ મહાનવલકથાનું સર્જન થયું છે.

સરસ્વતીચંદ્રની કથા સ્વચ્છ, સુંદર, કૌટુંબિક સંસારચિત્ર વિસ્તાર વસ્તુથી ભાવ અને પાત્રને સંકલિત કરતી સાહિત્ય રચના છે. આ વાર્તાનો કથાપાટ વિશાળ છે. જે દરેક પ્રસંગોને સળંગસૂત્રમાં ઘસડી જાય છે. આમાથી ઘણા પ્રસંગો ગૂઢભાવથી ભરેલા છે જે મનનીય છે. સમાજના અને ગૃહજીવનના અટપટા પ્રશ્નોની આલોચના કરીનો બોધપ્રદ અનો સાર-ગ્રહ્ય મહાનવલકથા ચાર ખંડોમાં વહેચાયેલી છે.

આ વાર્તામાં લેખકે વિશાળ કથાપટ રચીને વાર્તા ઘણી જ સુંદર રીતે આપણી સમક્ષ મૂકીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. કથાના નાયક સરસ્વતીચંદ્ર એમના પાત્રને સંપૂર્ણ ન્યાય આપે છે. તેમના જીવન પ્રસંગોમાં તડકો-છાયો, સુખ-દુઃખ, ધીરજ-ખંત, વિશ્વાસ-સાચુ આત્મબળ, શ્રદ્ધા વગેરેનું લેખકે આલેખન કર્યું છે. શાંત સ્વભાવ, ગંભીર પ્રકૃતિ, સહાનુભૂતિયુક્ત અને લાગણીશીલ મનોવૃત્તિ આ બધા સદ્‌ગુણોનું નીરૂપણ કરીને સરસ્વતીચંદ્રનું પાત્ર સર્વેનું પ્રીતિપાત્ર બન્યું છે.

કથાનું શરૂઆતમાં લક્ષ્મીનંદન શેઠશ્રીની પેઢી, તેજસ્વી, શ્રદ્ધાવાન, નિષ્ઠાવન સંસ્કારોનું સરસ્વતીચંદ્રે સિંચન કરીને પુત્રતા સાર્થક કરી. શ્રીમંત હોવાથી રાજસ પ્રકૃતિવાળુ શોખીન જીવન જીવે છે., એમની સગાઈ ઉચ્ચ કુલીન ખાનદાની શેઠ શ્રી વિદ્યાચતુર અને ગુણસુંદરીની પુત્રી કુમુદસુંદરી સાથે થઈ હતી. તેની અપરમાતા ગુમાનબાના મેણાં-ટોણાંથી સરસ્વતીચંદ્ર સગાઈ તોડીને ગૃહત્યાગ કર્યો. ત્યાંથી તે જે ગામમાં રહ્યા ત્યાં નવીનચંદ્ર નામ રાખ્યું. આ પાત્રમાં કુશળબુદ્ધિ, વ્યાપારી કુનેહથી વ્યાપાર પ્રમાણિકતાથી વધારી માન પામ્યા. હસમુખ અને મિલનસાર સ્વભાવ, તેમ જ વાત્સલ્ય અને ઉદારતાભર્યા વર્તનના અંગે બધાના દીલ જીતી લીધા.

નાયિકાના પાત્રમાં કુમુદસુંદરીનું પાત્ર પણ અવર્ણનીય છે. સ્ત્રી શક્તિ, પુરુષશક્તિ કરતાં જરાય ઉતરતી નથી તેનું જવલંત દ્રષ્ટાંત પુરું પાડે છે. કુમુદના લગ્ન એક લંપટ અને વેશ્યાગીર પ્રમાદધન નામના

વાણિયા સાથે થયા. પતિવ્રતા સ્ત્રીના પાત્રમાં કુમુદનો ત્યાગ મહાન છે. તેના પતિના અત્યાચારોનો ભોગ બની પાછળથી વિધવાના પાત્રને પણ કર્મમાર્ગના પતનના ભયને સાચો ઓપ આપે છે.

આ વાર્તાનો અંત ચમત્કૃતિની જેમ પૂરો થાય છે. જે વાંચકને ક્ષણ બે ક્ષણ વિચારતો મૂકી દે છે. એ આ વાર્તાની ઉત્તમતાનું લક્ષણ છે. વાર્તાના અંતમાં કુમુદસુંદરી સાધ્વી તરીકે પોતાનું જીવન વ્યતિત કરે છે. પોતાના નવ-જાત દીયરને માતાનો પ્રેમ આપે છે. તેની નાની બહેન કુસુમસુંદરીના લગ્ન સરસ્વતીસાથે કરાવે છે. આની પરાકાષ્ઠાની કળા એવી છે જે ક્યારે જોવા ન મળી હોયએવી છે. આમાં પ્રસંગોપાત મૂકાયેલ નોંધો, સ્પષ્ટ સમજણ, એ'ગાગરમાં સાગર' સમાવવા જેવું ભગીરથ કાર્ય છે. વાર્તાના અંત સુધી જીવનના સંસ્કાર પ્રકાશિત કર્યા છે. આટલા અવર્ણનીય ગુણોનું આલેખન કરીને વાંચનારના હૃદયને ભાવસભર બનાવી દે છે.

આ બૃહદ મહાનવલ કથામાં રજૂ થતી એ યુગની ગહન અને સર્વાંગી જીવન સમીક્ષા અદ્વિતીય છે. વૈવિધ્યસભર અને જીવંત માત્ર સૃષ્ટિ, પ્રચુર ઘટનાઓ, તાદશ વર્ણનો, ચિંતનીય ખંડો તથા શિષ્ટ,સંસ્કારી અને ગૌરવયુક્ત ગદ્યશૈલી 'સરસ્વતીચંદ્ર'ને અપૂર્વકૃતિ તરીકે સ્થાપે છે.

આ અશાંતિના, હિંસાના ઉકળતા ચરૂ સમાન, કાવાદાવાથી ઘેરાયેલ, વર્તમાન શાંતિ, સહનશીલતા અને નિઃસ્વાર્થ પ્રેમથી સભર સંતુલિત વાર્તા સુંદર, સ્વચ્છ સાહિત્ય નવી પેઢીને માર્ગદર્શન રૂપ છે. થોડામાં ઘણું લખીને આ લેખ પૂર્ણ કરું છું.

❒ *રક્ષા મહેન્દ્ર શાહ*

# ભગવાનથી ભક્ત મોટો છે - ભક્ત બનવું સહેલું નથી

*-ઊષા એસ. ધારીઆ*

*''હરિનો મારગ છે સુરાનો*
*નહી કાયરનું કામ જોને.....''*
*''માંહી પડયા તે મહાસુખ માણે*
*દેખન હારે દેખે રે...''*
*''છોટેસે લલ્લાજી કો બડોરી દિદાર''*

હરિના મારગ પર ચાલતાં ફાવટ આવે એનો બેડો પાર. માનવી માત્રના હૃદયમાં છાને ખુણે, જાણે અજાણ્યે પણ પ્રભુજી રમતો હોય છે જ, તે તેની તરફદારી ન કરતો હોય. નાસ્તીકતા દાખવતો હોય. વિશ્વાસ નથી એમ બતાવતો હોય, તો પણ તેની અવગણના પણ નથી કરી શકતો. જેમ એક દીવાસળીની તીલી લાગે છે એક દીવાસળી, એક નાની અમથી તીલીનું શું મહત્વ ? આ નાની અમથી દીવાસળીમાં બે શક્તિ રહેલી છે. પણ દેખાતી નથી. તેવી જ રીતે હૃદયમાં રમતાં શ્રીજીની શક્તિને પામવાની, માણવાની મહત્તા છે. અને એ જ્યારે પામીએ તો માંહી પડયા મરજીવા મહાસુખ માણી શકે છે. દીવાસળીની તીલીમાં રહેલી શક્તિ આપણને દેખાતી નથી તેવી જ રીતે ઈશ્વર પણ આપણને દેખાતો નથી. પ્રકાશ આપી અંધકાર મીટાવે એ એક શક્તિ અને બીજી શક્તિ બાળે છે, પકાવે છે અને ઠંડી દૂર કરે છે. ઈશ્વરીય બે શક્તિમાં એક બાળનાનું કામ કરે એ અને એ બળતણ છે આપણે કર્મ, સારા કર્મ તેજ આપી શકે છે. સતકર્મ સુખ શાંતિ આપી શકે છે, પાપ કર્મ બાળી પણ શકે છે. આપણે જ્યારે દાઝીએ છીએ ત્યારે દાહ, બળતરા થાય છે. એવી જ રીતે પાપ કર્મ બળે ત્યારે અંતરમાં દાહ થાય અથવા તો શારીરીક રોગથી ઘેરાવા આવે, યા પૈસે ટકે પીડાવ યા તો સાંસારીક વિટંબણા આવે અને ઘણી વખત આ જન્મે નિર્દોષતા હોવા છતાં સંચિત કર્મ પણ આપણાને દુખોથી ઘેરે છે.

*''જબ તક ઉગે સૂરજ*
*વહાં તક હોવે કાલીરાત''*

હૃદયના છાને ખૂણે રમતાં શ્રીજીને હર શ્વાસમાં યાદ કરોને તે થકી, દીવાસળીની તીલી જેમ અંધાકર દૂર થશે અને સ્વયં પ્રકાશિત થવાશે.

આ સિવાય પણ ભાગવતજીમાં કહ્યું છે પ્રભુજીની ત્રણ શક્તિ અને એ મા રૂપે છે. લક્ષ્મી માતા, સરસ્વતી મા, અંબા માતા. પરંતુ સંસાર રથના બે પૈયાંની જેમ નર નારી હોય છે તેવી જ રીતે લક્ષ્મી માતાને ચરણોમાં ન રાખશો. લક્ષ્મીજી અને સરસ્વતીજી બન્ને વિના આપણે અધુરાં છીએ, ને જેમ નર અને નારી વિના માનવ જન્મની શકયતા નથી. મા પોષે પાળે છે અને આ પ્રભુજીની શક્તિઓ છે. પ્રભુજીએ પોતાની શક્તિમાંથી મા નું રૂપ સજર્યું છે અને માનવી માત્ર જન્મદાતા માતાપિતાનું ઋણી હોય છે. બધું મળે છે પણ જન્મ આપનાર મા કદીય નથી મળતી. સ્ત્રી માત્ર માતા છે. આમ માતાપિતાની સેવા એ પ્રભુજીની સેવા બરોબર છે. ભગવાન પછીનું પૂજનીય સ્વરૂપ એટલે જ મા. એથી જ પ્રથમ પૂજનીય શ્રીગણેશજીએ માતાપિતાની પ્રદક્ષિણા કરીને પૃથ્વીની પ્રદક્ષિણા (યાત્રા) નું પુણ્ય મેળવ્યું હતું. જન્માદાત્રી મા, લક્ષ્મી મા, (કલદાર) વિના તો આપણે જીવી જ ન શકીએ. અને હવે સરસ્વતી મા એટલે જ્ઞાન. આ જ્ઞાન વિજ્ઞાનનો સંગમ ડૉકટરો, સાયનટીસ્ટો અને વળી આજના યુગમાં તો થોડા વતા અંશે ડૉકટરો પણ આપણા જ ભગવાન જ છે, તેમના જ્ઞાન થકી આપણે સાજા થઈએ છીએ. વળી ડૉકટરોના (મગજની) બ્રેઈનની પાટીમાં હજારો દરદોની દવાઓ

લખાયેલી રહે છે. આમ તારણહાર પ્રભુ જ છે પરંતુ કર્મનો તોલ કર્યા પછી આવતા કોઈને કોઈ રૂપે તે આપણને તારેય છે, અને મારેય છે. પ્રભુએ પોતાનો અમોલખ ખજાનો આપણી પાસે આપણા માટે ખુલ્લો મૂક્યો છે. પંચ મહાભૂતમાં વસતો પ્રભુજીને આપણે શોધવો નથી પડતો. તે મંદિરોમાં નથી બેસતો, તેને ક્યાં શોધશો? હર જીવંત સૃષ્ટિ અને હરજીવંત માનવમાં પ્રભુ વસે છે.

આપણે રહીએ છીએ એ ઘર, આપણે ચાલીએ એ જમીન, આપણે ખેડીએ એ ધરતી, ખાડો ખોદીએ, એ આપણી ધરતી મા પાળે પોષે એ આપણી પાલક માતા. કૃષ્ણ ભગવાને પણ પાલક માતાની જ મહત્તા સમજાવી છે. માનવના રૂપમાં અવતાર લઈને, જશોદામાની મહત્તા, ગુણગાન આજ પણ ગવાય છે. અનાજ વિના આપણે ભૂખ્યા નથી રહી શકતા અને એ અનાજ ધરતીમા આપે છે પુરુષાર્થની અને કર્મને આધીન નસીબથી, માટે અન્નદાનની મહત્તા સમજી પહેલું અન્નદાન કરતાં રહો એવી મારી અભ્યાર્થના છે.

આકાશમાં વાદળો કાળાધોળા રમતા રહે છે અને વાદળો વરસે એટલે વરસાદ નીચે ધરતી પર પડે છે. પીવા પાણી મળે છે. પાણી વિનાનું શરીર નથી. શરીરમાં પોણો ભાગ પાણી રહેલું છે અને આ જળ વાદળોમાં સંચિત થાય છે. આ જળ નિર્મળ હોય છે, એમ આપણે પણ નિર્મળતા ગ્રહણ કરીશું. સંસારની ખારાશમાંથી, જેમ સૂરજદેવ ખારાઉસ સમુંદરમાંથી નિર્મળ જળ વાયુ દ્વારા ઉપર આકાશે મોકલ્યું અને તે ત્યાં સમચિત થઈ રહ્યું છે, તેવી જ રીતે આપણે સંસાર સાગરની ખારાશમાંથી હૃદયાકાશે નિર્મળતા સંચિત કરીશું, એ જ મારી બીજી અભ્યર્થના છે.

વાયુદેવ એ આપણા હર શ્વાસમાં આવન જાવન કરે છે. એ શ્વાસ બંધ થતાં આપણે મૃતપ્રાત થઈએ છીએ. સુંગધિત વાયુ આપણા મનને પ્રસન્ન કરે છે. દુર્ગંધીત વાયુ આપણને ખીન્ન કરે છે. ગરમીમાં રાહત આપે છે. આમ વાયુ વહેતી હવા સબસે ઉંચા મોલ, આપણને જીવન આપે છે અન્ન વિના થોડા દિવસ જીવીત રહેવાય, પાણી વિના થોડા કલાક અને વાયુ વિના થોડી ક્ષણોમાં આપણે વિલીન થઈ જઈએ છીએ. જેમ વાયુદેવ આપણને જીવન આપે છે તેમ આપણે પણ બીજાના જીવનાધાર બનીએ એજ મારી ત્રીજી અભ્યર્થના છે. સૂરજદેવ વિના તો આપણે મૃતપ્રાય બની જઈએ જેમ કે છાણમાંના ખદબદતા કીડા, એવા સૂરજદેવ જ્યારે પધારે એટલે કે વહેલી સવારે પધારે ત્યારે પ્રભુનું નામ પ્રેમથી શાંતતાની સાથે લેતાં, એ જ આપણને સુખ - શાંતિ આપે છે.

''પરોઢીએ નિત ઉઢીને લેવું ઈશ્વર નામ'' આ મારી બા નો પહેલો સંદેશો હતો એ ફક્ત જાણવા સારું લખું છુ.

''વહેલા સુઈ વહેલા ઉઠે વીર બળ બુધ્ધિ ધન બહુ વધે, સુખિયું રહે શરીર'' આમ સુરજદેવનું સ્વાગત કરો એટલે કે વહેલા ઉઢો અને શાંતતાથી પ્રભુનું નામ લો, આજની પેઢી આ કથનને હસી કાઢશે, પરંતુ ઉપર આલેખિત બેઉ કાવ્ય પંક્તિ આપણે ઘણો ઘણો સંદેશ આપી જાય છે. સૂરજદેવને પૂજો ન પૂજો પરંતુ એ સર્વેને સરખો જ તાપ અજવાળુ આપે છે, સૂરજ પ્રકાશે છે પણ તેનું બીલ નથી આવતું, નથી આપવું પડતું, કરોડો બલ્બ હાઈ વોલટેજ સાથે સ્વીચ ઓન કરો તો પણ આખી દુનિયાને તમે પ્રકાશિત નહી કરી શકો. પરંતુ સૂરજદેવ આવે અને આખી દુનિયા પ્રકાશથી ભરાઈ જાય છે. તેવી જ રીતે વહેતા વાયુદેવ પવનદેવનું આપણને બીલ નથી આપવું પડતું, પ્રભુએ આપણા જીવનાધાર માટે આ

બધું મફત રાખ્યું છે. હવા વિનાની થોડી ક્ષણો નાક બંધ કરીને જોજો એટલે તમને ઈશ્વરીય મળેલી બક્ષિસની કિંમત સમજાશે. આઈ.સીયયુ.માં રહેલા પેસન્ટને આર્ટીફીસીયલ રેસ્પીરેશન જ્યારે અપાય ત્યારે તેનું લાંબુલચક બીલ આવે છે. પ્રભુએ તો આપણને ઘણુ ઘણું આપ્યું છે. સવારથી ઉઠીએ ત્યારેથી સૂઈએ ત્યાં સુધી અનાજ, પાણી, વાયુ, ફલ, ફૂલ રંગબેરંગી, ખાધેલું પચાવવાના ઓસડિયા, શરીરની સુંદર રચના વગેરે વગેરે વગેરે પ્રભુ અસીમ છે. આપણે સીમીત છીએ. પ્રભુને આપણા હૃદયમાં સમાવવો ઘણો ઘણો સહેલો છે. ભક્તને મળવા ભગવાન દોડતો આવશે, પરંતુ પ્રભુના ભક્ત બનવું સહેલું નથી. ભક્ત બનવા માટે ભક્તિ જરૂરી છે.

ભક્તિના બે પ્રકાર છે. મર્યાદા ભક્તિ અને વિવેક ભક્તિ. મર્યાદામાં રહીને કરવાની ભક્તિ એટલે આપણી ગામઠી ભાષામાં કહીએ તો મરજાદ પાળીને સેવા કરીએ તે, હવે મર્યાદા ભક્તિને પ્રભુ જરૂરથી સ્વીકારે છે, પરંતુ તેમાં પગલેને પગલે દોષ પડે છે અને એ દોષથી કદાચિત આપણને પીડા મળે છે અને એ જોવાનું કામ પ્રભુજીનું છે. પ્રભુજી સાક્ષાત પંચમહાભૂતમાં વસેલો છે.

''મારા દોષ પડયા છે એમાં હું ભૂલ્યો કરવી સેવા'' અને બીજા પ્રકાર ભક્તિનો એ છે વિવેક ભક્તિ એટલે કે માનસી સેવા, માનસી ભક્તિ એ મનથી કરવાની ભક્તિ છે. સેવા કરો ન કરો તે પ્રભુ જોતો નથી, ફક્ત મનની નિર્મળતા જ સ્વીકારે છે. જેમ આપણે ગંદુ કલુષિત પાણી પી નથી શકતા તેવી જ રીતે અસ્વચ્છ પાત્રમાં પણ પાણી પી નથી શકતા, પાણી પણ નિર્મળ અને પાત્ર પણ સ્વચ્છ, તે જ રીતે પ્રભુ પણ આપણી નિર્મળતા સ્વીકારે છે. આપણે કેવું પાત્ર છીએ એ પ્રભુને જોવાનું કામ છે. આપણે પરિક્ષા આપનાર વિદ્યાર્થી, પણ પરિક્ષક આપણો પ્રભુ છે. જેમ સૂરજદેવને પૂજો ન પૂજો સૂરજ દેવ આપણને પ્રકાશ આપે છે, તેમ સેવા કરો ન કરો પ્રભુ તો તમને બધું જ આપે છે. પ્રભુ ભક્તિનો સૌથી સરળ અને સોપો માર્ગ નામ જપ છે, નહીં કંઈ યાદ રાખવાનું, નહી સમય બાગડવાનો, ન કોઈ સાધન, ન કોઈ સામગ્રી, ના ફૂલની માળા, ના તુલસીની માલા, ના રુદ્રાક્ષની માળા, ફક્ત શરીરમાં જતા હર શ્વાસને માલાનો મણકો બનાવી પ્રભુનું નામ નિર્મળ મનથી લેવું પ્રભુનું આપ્યું સર્વ કાંઈ થે, તમારું કાંઈ જ નથી, ખાલી હાથ જવાનું છે. તમારા ઉપભોગમાંથી થોડામાંથી થોડું આપી, પરિગ્રહ ઓછો કરી પ્રભુના ભક્ત બની રહેજો. આગળ રહ્યું તેમ પ્રભુને કેમ રીઝવવો ? કે ભક્તને પોતાનાથી મોટો ગણી દોડી આવે ? અસીમ પ્રભુને નાના હૃદયમાં, આંખમાં સમાવી હર શ્વાસે પ્રભુના નામ જપથી હૃદયને ધબકતું રાખો અને આંખોથી નિહાળો કે જીવમાત્રમાં પ્રભુ વસેલો છે. પ્રભુને મંદિરમાં ના ખોળશો. હલન ચલન યુક્ત કોઈપણ શરીર એટલે તેમાં ઈશ્વર વસેલો છે. ઈશ્વરને ઓળખો ? તમારા જીવનના આયુષ્યના વર્ષો પણ ઓછા પડે ના ''નાકની દાંડીએ એ ઈહાલ્યા જાવ, રસ્તો તમારી હામે છે...''

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત શ્રી મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખાં) પુરસ્કૃત સીંગલ ક્રિકેટ ટુર્નામેન્ટ :-

ડબલ ડેટટ્રીક કરનાર શ્રી સંદીપ કે. ધારીઆ :-

શ્રી બા.ન.સંઘ સંચાલીત શ્રી મુળજીભાઈ ચં. ધારીઆ (લાલખાં) પુરસ્કૃત સીંગલવિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટ શ્રી સંદીપ કે ધારીઆએ લાગલગાટ છઠ્ઠે વર્ષે જીતીને ડબલ હૈટટ્રીક કરી. આ આયોજન તા. ૫-૧-૨૦૦૩ના રોજ રવિવારે સવારે ૯.૦૦ કલાકેથી વિલ્સન કોલેજ જીમખાના ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૩૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પહેલો અને બીજો રાઉન્ડ તથા ક્વાટર ફાઈનલ ૮ બૉલની હતી જ્યારે ફાઈનલ અને સેમીફાઈનલ ૧૦ બૉલની હતી. સેમી ફાઈનલમાં સંદીપ ધારીઆએ (૨૧) રન V/s. શીતેન કડકીઆ ૬ રન અને બીજીમાં નીરેન ધારીઆ (૦) રન V/s. ચેતન દેસાઈ (-૮) રન કર્યા. ફાઈનલ્સમાં બન્ને ભાઈઓ સામસામાં ટકરાયાં જેમાં સંદીપ ધારીઆ (૫) રન V/s. નીરેન ધારીઆ (-૩) રન કર્યા અને આમ સંદીપ ધારીઆનો વિજય થયો.

વિજેતા તથા રનરઅપને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. શ્રી મુળજીકાકાએ ફાઈનલ્સમાં વિજેતા શ્રી સંદીપ ધારીઆને રૂા. ૧૦૦૦.૦૦/- અંકે પુરાં એક હજાર પુરાનું ઈનામ આપ્યું હતું. આ વર્ષે પ્રથમ વખતે આ ટુર્નામેન્ટ માટે ફીલ્ડરોની સેવા બહારના પ્રોફેશનલ પ્લેયર્સ પાસેથી લેવામાં આવી હતી જેનાં થકી આ ટુર્નામેન્ટ રસપ્રદ બની રહી હતી.

*શ્રી રાજુ. મો. પરીખ, કન્વીનર*

---

**શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલીત**
**શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા)**
**પુરસ્કૃત અન્ન સહાય યોજના**
**તથા**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત શ્રી બાલાસિનોર પ્રગતિ મંડળ આર્થિક રાહત યોજના

ઉપરોક્ત સંસ્થાના સહયોગથી આ વર્ષે અન્ન સહાયતથા આર્થિક રાહત લેતા કુટુંબીજનોએ તા. ૨૦.૨.૨૦૦૦૩ સુધી પોતાના ફોર્મસ સંપૂર્ણ વિગતવાર ભરીને નીચેના સ્થળે આપી જવા.

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય**,કાલબાદેવી મુંબઈ-૨

૨) **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ**, મેડીકલ ટ્રસ્ટ, મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ-૭

૩) **શ્રી સુરેન્દ્ર રમણલાલ મોદી (ચોધરી)**, સુરેન્દ્ર ટ્રેડીંગ કાં., નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ-૩

આ વર્ષે રાહત માટે વર્ષ એપ્રિલ ૨૦૦૩ થી માર્ચ ૨૦૦૪ સુધીનું રહેશે.

દરેકે મંડળ/ સમજનાં ફોમર્સ સાથે મળીને ભરવાનાં રહેશે.

*કન્વીનર : શ્રી કીર્તીભાઈ દેસાઈ (દેડકી)*

*શ્રી સુરેન્દ્ર ર. મોદી (ચોધરી)*

---

### સુવિચારો

* કોઈપણ સત્કાર્ય કરતાં એવું ન કહેશો કે 'આ મારું કર્તવ્ય છે' પણ એમ જ કહો કે, 'એ કરવાનો મારો ધર્મ છે.' ચતુરાઈથી કોઈ મહાન કાર્ય સાધ્ય થઈ શકતું નથી.
* સર્વ દાન શ્રેષ્ઠ છે. પણ જ્ઞાનનું દાન તેનાથી પણ શ્રેષ્ઠ છે.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ V/s. બાલાસિનોરની સ્થાનિક ટીમો વચ્ચે રમાતી બી.એન.એસ. લાલખાં ટ્રોફી ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૩– સંઘની ટીમનો ૪–૦થી વિજય

વર્ષ ૧૯૯૮-૯૯માં શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆં (લાલખાં)એ એમનાં સુપુત્રના લગ્નપ્રસંગે રૂા. ૧૧૧૧૧૧/- અંકે રૂપિયા એક લાખ અગ્યારહજાર અગ્યાર પૂરાંનું દાન આપીને આ બી.એન.એસ.લાલખાં ટ્રોફીની શરૂઆત કરી હતી. આ ટ્રોફીના નિતી-નિયમો મુજબ જે સીરીઝ આ બન્ને ટીમો વચ્ચે રમાય છે. તેઓની વચ્ચે આ રોટેટીંગ ટ્રોફી જે ટીમ જીતે તેઓ આ ટ્રોફીને રાખે છે, જો સીરીઝ ડ્રો જાય તો તે વર્ષે ટ્રોફી જે ટીમે આગલે વર્ષે જીતી હોય તેમની પાસે રહેશે. બાલાસિનોર ખાતે ટ્રોફી સહયોગ કૉ.સો. ની ઓફીસમાં અને મુંબઈ ખાતે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસમાં રાખવામાં આવશે. મુંબઈ ખાતે દર ચાર અથવા પાંચ વર્ષે એક વખત આ ટ્રોફીનું આયોજન થાય છે, જ્યારે બાકીનાં વર્ષોમાં બાલાસિનોર ખાતે ‘જનસાક્ષી-ગ્રાઉન્ડ’ પર આ ટ્રોફીની મેચોનું આયોજનથાય છે. શ્રી બાલાસિનોર નવ યુવક સંઘ મુંબઈ ખાતે ‘જનસાથી-ટ્રોફી’ના આયોજન દ્વારા દર વર્ષે ૧૨ થી ૧૩ મેચોનું આઠ-અથવા નવ ટીમો વચ્ચે આયોજન કરે છે અને આ ટીમોમાં ૧૨૮થી ૧૪૪ ખેલાડીઓને રમાડે છે, આ ખોલાડીમાંથી ૧૪ થી ૧૫ જણાની ફાઈનલ ટીમ બનાવે છે અને આ ખેલાડી લઈને બાલાસિનોર ખાતે આ ટ્રોફીનાં આયોજન માટે આવે છે. બાલાસિનોર ખાતે અહીંના સ્થાનીક ટીમોમાં, સર્વોદય ટીમ, પટેલ ટીમ, બાબી ટીમ, કોલેજ ટીમ, ટાઉન ટીમ વચ્ચે મેચો રમાય છે. દર વર્ષે આમ આ ટ્રોફીનું આયોજન લગભગ બીજા અથવા ત્રીજાં અઠવાડીયે જાન્યુઆરી મહિનામાં કરવામાં આવે છે. આ વર્ષે પહેલી મેચ કોલેજ ટીમ સામે રમવામાં આવી હતી જેમાં બી એન.એસ. કેપ્ટન સંદીપ ધારીઆએ ટોસ જીતીને પહેલાં બેટીંગ લીધી અને ટીમનો જુમલો પહોંચાડયો હતો, ૧૯૫ રન જેમાં નીરેન ધારીઆ , ૭૩ રન, રવિશ દેસાઈએ ૨૧ રન કર્યા હતાં, મકશુદભાઈએ ૨૩ રન ૩ વિકેટ, હીમાંશુભાઈ-૩૪/૩ વિકેટ, અને લાલાભાઈ ૪૦/૨ વિકેટ લીધી હતી જેની સામે કોલેજની ટીમ ૧૬૭ રનમાં આઉટ થઈ ગઈ હતી. જેમાં નીલેશ ૨૦ રન, પરેશભાઈ ૨૪ રન અને લાલાભાઈએ ૨૮ રન કર્યાં હતાં. સમીર આર. દેસાઈ ૨૩/૩ વિકેટ શ્રમીક શાહ ૨૧/૨ વિકેટ અને સમીર સી. દેસાઈ ૨૩/૨ વિકેટ લઈને બાલાસિનોર નવયુવક સંઘને ૧૯ રને વિજય અપાવ્યો હતો.

બીજી મેચ સર્વોદય ટીમ સામે થઈ હતી જેમાં બી.એન.એસ. ટીમે ટોસ જીતીને પહેલો બેટીંગ કરીને કુલ્લે ૨૧૬ રન કર્યાં હતાં. તેમાં નીરેન ધારીઆ-૨૨ રન, શીતેન કડકીઆ-૫૫ રન, રવિશ દેસાઈને -૬૯ રન કર્યાં હતાં. સત્યજીત પટેલ /૨ વિકેટ, ભરત પટેલ ૨૯/૨ વિકેટ લીધી હતી. સર્વોદય ટીમ બીજી બેટીંગ કરતાં ૧૬૩ ઓલ આઉટ થયા હતા. જેમાં ભાવેશ પટેલ ૩૫ રન, શૈલેષ પટેલ ૩૧ રન અને ભરત પટેલ ૧૮ રન કર્યા હતા. સમીર આર દેસાઈ ૨૩/૩ વિકેટ, જીગર પરીખ-૪૦/૩ વિકેટ અને સંદીપ ધારીઆ - ૧૮/૩ વિકેટ લઈને ૫૩ રનથી બીએનએસ ટીમને વિજય અપાવ્યો.

ત્રીજી મેચમાં બાબી ટીમ સામે લાગલગાટ સંદીપ ધારીઆએ ટોસ જીતીને પહેલી બેટીંગ લીધી. બીએન.એસ. ટીમો ૧૮૭ રન વિકેટે કર્યાં હતા, જેમાં શીતેન કડકીઆ ૩૩ રન, સમીર આર. દેસાઈ ૫૫ રન

નોટ આઉટ અને જીગર પરીખ ૧૬ રન નોટ આઉટ કર્યા. વિરેન્દ્રભઆઈએ ૩૩ રન ૩ વિકેટ, મનોવર એ ૨૩/૨ વિકેટ લીધી હતી. બાબી ટીમ સામે બીજી બેટીંગ કરતા ફક્ત ૬૪ રન ઓલ આઉટ થઈ ગઈ જેમાં જય ભાઈએ ૧૦ રન કર્યાં, બીએનએસ વતી જીગર પરીખે ૧૬/૩ વિકેટ, સંજય મોદી ૯ રન ૩ વિકેટ અને સમીર સી. દેસાઈ ૮ રન ૩ વિકેટ લઈને બીએનએસને ૧૨૩ રને વિજય અપાવ્યો હતો.

ચોથી મેચમાં પટેલ ટીમના કેપ્ટને ટોસ જીતીને બેટીંગ લીધી હતી. જેમાં ૧૪૯ રન ઓલ આઉટ આઉટ થયાં હતા, સુજીત પટેલે ૨૪ રન, ભરત પટેલે ૧૩ રન, અને હરેશે ૨૦ રન કર્યાં હતાં.

બીએનએસ વતી સમીર આર. દેસાઈએ ૩૨ રન ૨ વિકેટ, જીગર પરીખ-૧૩/૩ વિકેટ સમીર સી. દેસાઈ ૧૯/૨ વિકેટ લીધી હતી. બીએન.એસ. ટીમે બીજી બેટીંગ કરતા ૧૫૦ રન પાંચ વિકેટે કર્યા, જેમાં શીતેન કડકીઆએ ૩૬ રન, રવિશ દેસાઈએ ૪૫ રન, સમીર સી. દેસાઈએ ૨૦ રન કર્યા. પટેલ ટીમ વતી સુજીત પટેલ ૩૨/૨ વિકેટ અને ભરત પટેલ ૧૩/૧ વિકેટ લીધી. આમ બી.એન.એસ.નો પાંચ વિકેટે વિજય થયો.

ઘણા વખત પછી આ પ્રમાણે ૪-૦ થી બી.એન.એસ. લાલખાં ટ્રોફી બી.એન.એસની ટીમે જીતી લીધી. સંસ્થાવતી મેનેજરની સેવા આપી શ્રી નીતીન પ્ર. ગાંધીએ અનબ્‌વીનર તરીકે શ્રી રાજુ મો. પરીખ (લાય)એ સેવા આપી.

સંસ્થાના વધુને વધુ ક્રિકેટ અને ક્રિકેટરોને પ્રોત્સાહ આપવા માટે ઘણાં બધાં ઈનામો આપવામાં આવ્યા હતાં, જુના અને નવા ખેલાડીના મીક્સ પ્રતિસાદે આ ટ્રોફીને જીવંત બનાવવા યાદગાન આપ્યું એ અવિશ્વમરણીય છે. આ યાદગાર પ્રસંગોને ગુજરાત E-T.V. પરથી રીલે કરવામાં આવ્યાં હતાં, જેને માટે કેપ્ટન શ્રી સંદીપ ધારીઆ તથા શ્રી પરાગ દોશી અને ત્યાંના શ્રી ગીરીશ શાહ ગોધરા-કૉરસપોન્ડસનો સંસ્થા આભાર માને છે. સંદેશ-ગુજરાતમાં પણ આ અહેવાલ આપવા માટે શ્રી પ્રવીણભાઈ સેવકનો આભાર માને છે.

ટુર્નામેન્ટની પુર્ણાહુતિ વખતે એક દબદબાભર્યા સમારંભનું આયોજન ત્યાંની સ્થાનિક કમીટી દ્વારા લાયન્સ ક્લબ કૉમ્યુનીટી હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનીક ટીમ વતી મનુભાઈ કડકીઆ, સલાબતખાનજી બાબી, અશોકભાઈ પ્રજાપતિ, સહયોગ સોસાયટીના શર્માસાહેબ, નાગરિક બેંકના ચંદ્રકાંતભાઈ, નટવરભાઈ મોદી (જનસાથી), કોલેજના પ્રિન્સીપાલ શ્રી કાળાસાહેબ મંચ પર બિરાજમાન થયાં હતાં, આ વખતે પહેલી વખત સ્થાનીક કમીટી સર્વે જવાબદારી આ આયોજનની લીધી હતી, જેમાં ગ્રાઉન્ડ ડેવલપમેન્ટ, જમવાની વ્યવસ્થા, ચા-પાણી તથા મંડપ અને માઈક બધું જ આવી જાય છે. મનુકાકાએ સ્વાગત પ્રવચન કર્યા પછી, દરેક વ્યક્તાએ પોતાનું મંતવ્ય રજૂ કર્યાં હતાં. સંઘની ટીમ વતી મેનેજર શ્રી નીતીન ગાંધીએ ઉદ્‌બોધન કર્યું. ઈનામ વિતરણ સમારંભ તથા ભોજનને ન્યાય આપવામાં આવ્યો હતો.

**વિજેતાના નામો નીચે મુજબ છે**

*પહેલી મેચ મેન ઑફ ધી મેચ શ્રી નીરેન ધારીઆ*
*બીજી મેચ મેન ઑફ ધી મેચ શ્રી રવિશ દેસાઈ*
*ત્રીજી મેચ મેન ઑફ ધી મેચ શ્રી સમીર આર. દેસાઈ*
*ચોથી મેચ મેન ઑફ ધી મેચ શ્રી સમીર સી. દેસાઈ*

બેટ્‌સમેન ઑફ ધ સીરીઝ - કમ્બાઈન્ડ - શ્રી શીતેન કડકીઆ અને શ્રી રવિશ દેસાઈ

બોલર ઓફ ધી સીરીઝ શ્રી જીગર પરીખ, મેન

ઓફ ધી સીરીઝ શ્રી સમીર આર. દેસાઈ.સંસ્થાવતી ઘણાં વર્ષોથી પ્રોત્સાહન આપવા આવતાં જુના નવા ખેલાડીઓમાં સમિતિના સભ્યો ઉપરાંત શ્રી નિખિલ પ્ર. દેસાઈ (દેડકી), શ્રી કીર્તિભાઈ તથા સંજય મોદી (ચેપ), શ્રી સુનીલ પ્ર. કડકીઆ(બેરા), શ્રી સંજીવ કી. ધારીઆ (ઑલઈન્ડીઆવાળા), શ્રી પંકજ પરીખ (બખલી), શ્રી બીપીનગાંધી/નીતીન ગાંધી વગેરેએ ઈનામો આપ્યાં હતાં. શ્રી દીલીપભાઈ ધારીઆ (લાલખાં) તરફથી બાબીસાહેબનાં બંગલાની બહાર સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

***- કન્વીનર શ્રી રાજુ. મો. પરીખ(લાય)***

---

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

સમાજની કાર્યવાહક સમિતિની એક સભા સમાજના પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહના લોનાવલાના નિવાસસ્થાને રવિવાર તા. ૧૯-૧-૦૩ના રોજ રાખવામાં આવી હતી.

સમાજના મંત્રી શ્રી વિજય શાં. ધારીઆનું રાજીનામું સખેદ સ્વીકારવામાં આવ્યું હતું. અને તેઓએ કરેલ સેવાની નોંધ લેવામાં આવી હતી.

સમાજના મંત્રી તરીકે શ્રી ધીરુભાઈરમણલાલ શેઠની નિમણૂક કરવામાં આવી હતી.

તા. ૨-૧૦-૦૨ના રોજ શરદી/સાયનસ/વાળ ખરવા/ખરજવું તેમજ મરડો/સંગ્રહણી અંગેના રોગો અંગે ઔષધાલયમાં એક કેમ્પ રાખવામાં આવ્યો હતો. તેમાં ૪૪ દર્દીઓએ લાભ લીધેલો. દરેક દર્દીને પાંચથી દસ દિવસની દવા મફત આપવામાં આવી હતી.

***લી.***
***વસંત પરીખ, ધીરુભાઈ શેઠ***
***માનદ્ મંત્રીઓ***

## વિજ્ઞાનની નવી શોધ - રોબોટીક સર્જરી

"Nothing is impossible for Human being"

ડૉ. વિપુલ પટેલ (Urologist Surgeon)પોતાની બુદ્ધિ, કામ પ્રત્યેની ધગશ તેમજ આવડત દ્વારા આ વિધાનનને સત્ય સાબિત કર્યું છે. આ યુવાન ડૉક્ટરે પોતાની બુદ્ધિકૌશલ્યવડે એક અનોખી સિદ્ધિ પ્રપ્ત કરી છે. જે આધુનિક વિજ્ઞાનની નવીનતમ શોધ છે. Robotic Surgery. સાદા શબ્દોમાં કહીએ તો એક યંત્રના (Robot) હાથમાં મનુષ્યના જીવનની દોર સોંપી તેને સફળતાની મંઝિલ સુધી પહોંચાડવી.

આપણે ટૂંકમાં ડૉ. વિપુલ પટેલ વિશે જાણીએ જેમના લગ્ન ગયા વર્ષે આપણી જ્ઞાતિના પ્રબોધકુમાર મણીલાલ ધારીઆ (ઓલ્લા) તથા છાયાબેનની પુત્રી જે બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભ ઘેલા)ની પૌત્રી ડૉ. સેજલ (Gynologist) સાથે થયા હતા. હાલમાં ડૉ. વિપુલ આલ્બામા(Albama USA)માં આવેલ Urology Center of Albama માં Laparoscopic Urology તેમજ Robotic Uroogy ના ડાયરેક્ટર છે. તેઓ તેમના ક્ષેત્રમાં નિષ્ણાત છે. તેઓ બીજા ડૉક્ટરોને અમેરિકામાં માર્ગદર્શન આપે છે.

અત્યારે અમેરિકામાં આ સર્જરીના નિષ્ણાતાની સંખ્યા ઘણી જ ઓછી છે. જેમાં તેમની ગણના થાય છે. તેમના પ્રમાણે આ સર્જરીથી દર્દીને જલદી રાહત અને ફાયદો થાય છે.

He said, "We were the first generation of kids that had computers & played video games, it helps because hand-eye Cordination is good"

ડૉ. વિપુલભાઈને સંસ્થા તરફથી અભિનંદન

**। શ્રી ગોકુલેશો જયતિ ।**
**વાડાસિનોર ગોકુલેશ સમાજ**
**મુંબઈ - ૪૦૦ ૦૦૭.**

### ।। આમંત્રણ પત્રિકા ।।

ઉપરોક્ત સમાજ તરફથી ફગવા ઉત્સવ તથા શ્રી ફગવા મનોરથ તા. ૯-૩-૨૦૦૩ને રવિવારે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### શ્રી ફગવા ઉત્સવના મનોરથી

ચાલુ વરસના શ્રી ફગવા ઉત્સવના મનોરથી શ્રી બંસીલાલ મણીલાલ ગાંધી તથા અ.સૌ. કુસુમબેન બંસીલાલ ગાંધી છે. તા. ૯-૩-૨૦૦૩ને રવિવારે સવારે ૮.૩૦ કાલાકે મનોરથીના નિવાસસ્થાને, ગાંધી બિલ્ડિંગ, બીજે માળે, બીજી ફણસવાડી, મુંબઈ મુકામે સમાજ બેસસશે. સવારે ૧૦.૦૦ કલાકે તેમના નિવાસસ્થાનેથી કળશનો વરઘોડો નીકળી ઠાકોરદ્વાર થઈને લાડની વાડીમાં જશે. સવારે ૧૧.૦૦ કલાકે શ્રી ઠાકોરજીનાં ખેલનાં દર્શન થશે. દરેકને લાભ લેવા વિનંતી છે.

### શ્રી ફગવા મનોરથ

શ્રી ફગવા મનોરથ (પ્રસાદ લેવાનું)ના મનોરથી પ્રતિવર્ષ શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ હોય છે. સમાજ તરફથી **તા. ૯-૩-૨૦૦૩ને રવિવારે ૧૧.૩૦ કલાકે લાડની વાડી, સી.પી. ટૅંક, મુંબઈ-૪૦૦૦૦૪** મુકામે બાલાસિનોરના સમસ્ત દશાનીમા વૈષ્ણવો તેમજ સમાજના આજીવન સભ્યોને સહકુટુંબ-સહપરિવાર પ્રસાદ લેવા પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

તો આપ પ્રસાદ લેવા પધારી આ શુભ અવસરને દીપાવવા જરૂર આવશોજી.

*લી.*
*શ્રી કાંતીલાલ લાલચંદ દોશી (પ્રમુખ)*
*નવીનતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - (મંત્રી)*
*શ્રી મોહનભાઈ ચુનીલાલ પરીખ (ઉપપ્રમુખ)*
*ના જય જય ગોકુલેશ*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તા. ૧૭મી જાન્યુઆરી શુક્રવારે પુષ્કરમેલા રિસોર્ટ પિકનીકમાં ૯૮ બેનો સાથે ગયા હતા. બહેનોએ સવારનો નાસ્તો ઈડલી-ઉપમા, બ્રેડબટર વગેરે લીધો હતો. સ્વીમીંગ કરવાની મજા બહેનોને આપી હતી. ત્યારબાદ રમતો રમાડી ઈનામો આપ્યા હતા. બપોરનું જમણ બે ફરસાણ અને બે  મીસ્ટાન સાથે લીધું હતું. ત્યારબાદ પોતાની ટેલેન્ટ સાથે મજા માણી હતી. પાછા ફરતાં ટીટવાલા ગણપતિ મંદિરના દર્શન કરવા ગયા હતા. બસમાં સાંજે પાછા ફરતા મેથીના થેપલા અને અથાણું રિસોર્ટ તરફથી આપવામાં આવ્યા હતા. બહેનોએ ખૂબ જ મજા માણી હતી. પહેલું નામ અને પહેલા **રૂા. ૨૨૦/-** ભરનારને ઈનામ આપવામાં આવ્યું હતું.

બહેનોને ખાસ વિનંતી કે પ્રોગ્રામ સમયસર બનાવવો એ તમારા જ હાથમાં છે તો પ્રોગ્રામમાં સમયસર આવીને અમોને સહકાર આપશો.

**આગામી કાર્યક્રમ :** વાનગી હરીફાઈ તેમજ ડેમોસ્ટ્રેશન તેમજ આરતી હરીફાઈ - ચાઈનીઝ ડેમોસ્ટ્રેશન.
કાર્યક્રમની તારીખ : ૧૨-૨-૦૩ બપોરે ૩.૦૦ વાગે

**સ્થળ :** રામબાગ

**વાનગી :** કંદ (રતાળુ)નો વધારે ઉપયોગ કરી (ફરસાણ) તીખી અને તેમજ મીઠાઈ બનાવવી.
કંદની **તીખી** અને **મીઠી** (મીઠાઈ)વાનગી.

રૂા. ૨૦/- ભાગ લેનાર બહેનોને ભરવાના રહેશે તે હેમુ કડકીઆ - ૨૩૦૭૧૨૨૭ને લખાવશો. કોઈપણ કમિટિ મેમ્બરને નામ આપી શકો છો. પણ છેલ્લો તા. ૧૦-૨-૨૦૦૩ સુધી લખાવશો. આ સાથે આરતી હરીફાઈ પણ રાખવામાં આવે છે. તેમાં આરતીને અનુરૂપ વસ્તુઓ તેમજ ડેકોરેશનઉપર નામ આપવામાં આવશે. ભાગ લેનાર બેનોએ બપોરે રેસીપી સાથે ૨ વાગે હોલ પર આવી જવું.

*- હેમુ કડકિયા-સંયોજક*

## આગામી કાર્યક્રમ

૨૪માર્ચના રોજ નાટકનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. વધુ વિગત આવતા અંકમાં.

## બાલાસિનોર ખાતે પ્રસાદની કાયમી વ્યવસ્થા

શ્રીમતી મધુકાંતાબેન નગીનદાસ પારેખની પુણ્યસ્મૃતિમાં બાલાસિનોર ખાતે શ્રી ગોકુલેશ વૈષ્ણવ મંડળ દ્વારા નીચેના સ્થળે તારીખ ૭-૩-૨૦૦૩ થી બાહરગામથી આવતા વૈષ્ણવો માટે સવારે ચા-પાણી તથા બે ટાઈમ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે. વૈષ્ણવોની તબિયત સારી ન હોય તો પાતળ ઘરે પહોચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ માટે વૈષ્ણવોએ અગાઉથી જણાવવાનું રહેશે.

**સ્થળ : શ્રી પ્રવીણચંદ્ર મણીલાલ શાહ**
જુગલ હોલ, પારેખ સદન, મદાની
શેરી, કુવા પાસે,બાલાસિનોર

## Donations Promised / Received on Marriage Occasion

| Father / Donor's Name | Bride / Groom's Name | Date of Marriage | Donation Amount (Rs.) |
|---|---|---|---|
| Shri Dipak Chimanlal Shah (Hathikhanawala) | Nishal (Groom) | 08-12-2002 | 22,000.00 |
| Shri Kaushikumar Natverlal Parekh | Chirag (Groom) | 14-12-2002 | 11,111.00 |
| Shri Nalin Ramanlal Dharia | Bhumika (Bride) | 14-12-2002 | 5,001.00 |
| Shri Sharad Kantilal kadakia (Dhanghela) | Anukur (Groom) | 15-12-2002 | 5,000.00 |
| Shri Bharat Ratilal Desai | Monali (Bride) | 15-12-2002 | 22,000.00 |
| Shri Hareshbhai Jethalal Shah (At Baroda) | Kartik (Groom) | 17-12-2002 | 22,000.00 |
| Shri Bharat Natverlal Kadakia | Payal (Bride) | 17-12-2002 | 1,00,000.00 |
| Shri Jayantilal Sakerlal Dharia (Dalal) | Nirav (Groom) (Son of Late Shri Shailesh) | 18-12-2002 | 25,000.00 |
| Shri Bharat Babulal Parikh | Amish (Groom) | 24-12-2002 | 25,000.00 |
| Shri Lalit Ramniklal Desai (Indorewala) By Kusumben | Mansi (Bride) | 24-12-2002 | 1,00,001.00 |
| Shri Shailesh Manilal Gandhi | Abha (bride) | 26-12-2002 | 5,000.00 |
| Shri Dilip KantilalChandiwala | Shraddha (Bride) | 27-12-2002 | 33,000.00 |
| Shri Lalit Natvarlal Desai | Kajal (Bride) | 28-12-2002 | 11,000.00 |

**The samaj Convey Their Gratitude to the Donors for the Generous Donations.**

The Samaj Also requests the donors to contact Shri Vrajesh Desai, Hon. Secretary, Pragati Samaj or Bhandol Samiti Convener, Shri Pankaj Dharia (Tele : 2342 1434 / 2342 2991) whose names are not published in the JYOTI PUNJ though thdotions have been confirmed but missed out due to the overaight.

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ ૭૫ વર્ષ અને ૨૫ વર્ષ ઉજવણી પર્વ :-

અમારી ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની દાન માટેની જાહેર અપીલ જ્યોતિપૂંજ-જુલાઈ ૨૦૦૨ અને જાન્યુઆરી ૨૦૦૩માં આપેલી ને સુંદર પ્રતિસાદ મળ્યો છે. જે માટે અમો આપ સૌનો હાર્દિક આભાર માનીએ છીએ. તા. ૧૦.૧.૨૦૦૩ સુધી નોંધાયેલા દાન માટેના વચનોની યાદી નીચે મુજબ છે.

(A) રૂા. ૫૦૦૦૦૦.૦૦ અંકે રૂા. પાંચ લાખ પૂરાં

૧) શ્રીમતી કલાવતીબેન ચીમનલાલ કડકીઆ (બનડાં) અન્ન સહાય યોજના

૨) શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ હસ્તે - સુરેન્દ્રભાઈ જીવન નિર્વાહ યોજના

૩) શ્રીમતી પુષ્પાબેન રસીકલાલ રમણલાલ કડકીઆ લગ્ન રાહત યોજનામાં પહેલાનાં રૂા. ૨૫૦૦૦૦ બે લાખ પચાસ હજારમાં આ વર્ષે રૂા. ૨૫૦૦૦૦.૦૦ રૂા. બે લાખ પસાચ હજારનો વધારો કુલ્લે રૂા. ૫૦૦૦૦૦.૦૦ કુલ્લે રૂા. પાંચ લાખ પુરા

રૂા. ૨૫૦૦૦૦.૦૦ અંકે રૂા. બે લાખ પચાસ હજાર પુરાં મેડીકલ ટ્રસ્ટ સ્કીમો માટે

(B) ૧) શ્રીમતી કુસુમબેન નવનીતલાલ મુળજીભાઈ ધારીઆ (શહેરાવાળા)

૨) શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા)

૩) શ્રી ડૉ. શશીકાંત ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)

૪) શ્રી નવનીતલાલ સાંકલલાલ દેસાઈ

| | | |
|---|---|---|
| **(C)** | **રૂા. ૧૦૦૦૦૦.૦૦** | **રૂા. એક લાખ અથવા તેથી વધુ** |
| ૧) | રૂા. ૧૧૧૧૧૧.૦૦ | સ્વ. ચંદનબેન મણીલાલ ગાંધી હસ્તે બંસીભાઈ |
| ૨) | રૂા. ૧૦૦૦૦૧.૦૦ | રમણીકલાલ મણીલાલ દેસાઈ (ઈન્દોરવાળા) હ. : કુસુમબેન |
| ૩) | રૂા. ૧૦૧૦૦૦.૦૦ | સ્વ. રમણીકલાલ ધારીઆ (વકીલ)ના કુટુંબીજનો |
| ૪) | રૂા.૧૦૦,૦૦૦.૦૦ | શ્રી પંકજ કાંતીલાલ ધારીઆ (લાલખાં) |
| ૫) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | સ્વ. શ્રી ઓચ્છવલાલ જેઠાલલાલ દેસાઈ (દેડકી) પરિવાર તરફથી |
| ૬) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી રસીકલાલ ચુનીલાલ ધારીઆ (દલાલ) |
| ૭) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી મહેન્દ્રકુમાર મણીલાલ લાકડાવાળા હસ્તે ઈન્દીરાબહેન |
| ૮) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રીમતી કમળાબેન તથા શ્રી રમણલાલ હરીલાલ દેસાઈ (મેનપુરાવાળા) ના કુટુંબીજનો હસ્તે હર્ષદભાઈ |
| ૯) | રૂા.૧૦૦,૦૦૦.૦૦ | શ્રીમતી મણીબેન ઓચ્છવલાલ ધારીઆ (પેઢીવાળા) |
| ૧૦) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી) |
| ૧૧) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રીમતી તારાબેન રમણલાલ મોદી ચોધરી ચે. ટ્રસ્ટ |

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

| | | |
|---|---|---|
| ૧૨ | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી પરેશ વિનુભાઈ મહેતા (ધરીવાળા) |
| ૧૩) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી ડૉ. કીરીટભાઈ કાંતીલાલ મોદી |
| ૧૪) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી ચંદ્રકાંત ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા) |
| ૧૫) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રીમતી કુસુમબેન નવનીતલાલ સા. કડકીઆ (બેરા) |
| ૧૬) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રી વાડાસિનોર પ્રગતિ સમાજ કૉ.ઑપ. ક્રેડીટ સોસાયટી |
| ૧૭) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | બાબા નિશીથકુમાર ઉષાબેન શૈલેષકુમાર ધારીઆ (સુવિધા ટ્રસ્ટ) |
| ૧૮) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ |
| ૧૯) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૨૦) | રૂા. ૧૦૦૦૦૦.૦૦ | શ્રીમતી શકુંતલાબેન પુનમચંદ કડકીઆ (બેરા) |
| (D)૧) | રૂા. ૫૧૦૦૦.૦૦ | શ્રીમતી કલાવતીબેન મોહનલાલ શેઠ (હસ્તે કેયુરભાઈ) |
| ૨) | રૂા. ૨૫૦૦૦.૦૦ | શ્રી ઓચ્છવલાલ અમૃતલાલ દેસાઈ (પેઢીવાળા) હસ્તે : રસનીધીભાઈ |
| ૩) | રૂા. ૨૫૦૦૦.૦૦ | શ્રીમતી કલાવતીબહેન બાબુલાલ પરીખ (તાતીયાં) |
| ૪) | રૂા. ૨૫૦૦૦.૦૦ | શ્રી ભરતકુમાર બાબુલાલ પરીખ |
| ૫) | રૂા. ૨૫૦૦૦.૦૦ | શ્રી જયંતિલાલ સા. ધારીઆ (દલાલ) |
| ૬) | રૂા. ૧૫૦૦૦.૦૦ | શ્રી કાંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) હ. શાંતાબેન |
| ૭) | રૂા. ૧૧૧૧૧.૦૦ | શ્રી કૌશીકકુમાર નટવરલાલ પારેખ |
| ૮) | રૂા. ૧૧૦૦૦.૦૦ | શ્રી દીપકકુમાર ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા) |
| ૯) | રૂા. ૧૧૦૦૦.૦૦ | શ્રી ભરતકુમાર રતીલાલ દેસાઈ |
| ૧૦) | રૂા. ૧૧૦૦૦.૦૦ | શ્રી દીલીપકુમાર કાંતીલાલ ચાંદીવાલા |
| ૧૧) | રૂા. ૧૧૦૦૦.૦૦ | શ્રી લલીતકુમાર નટવરલાલ દેસાઈ |
| ૧૨) | રૂા. ૧૧૦૦૦.૦૦ | શ્રી શૈલેષકુમાર ઓચ્છવલાલ પરીખ (સહદેવ) |
| ૧૩) | રૂા. ૫૦૦૦.૦૦ | શ્રી નલીનકુમાર રમણલાલ ધારીઆ |
| ૧૪) | રૂા. ૫૦૦૦.૦૦ | શ્રી શરદકુમાર કાંતીલાલ કડકીઆ (ધંગેલા) |
| ૧૫) | રૂા. ૫૦૦૦.૦૦ | શ્રી શૈલેષકુમાર મણીલાલ ગાંધી |

***શ્રી જતીન ન. દેસાઈ, શ્રી યોગેશ ર. ધારીઆ***
***માનદ્ મંત્રીઓ***

સેન્ટર ખાતે તારીખ ૪.૧.૦૩ થી નવા ગાયનેકોલોજીસ્ટ ડૉ. શ્રીમતી જ્યોતિકા આર.કાકુ MBBS., MS, Gyn & OBS MRSH (London)ની નીમણુંક કરવામાં આવી છે. સમય : દર સોમવારે બપોર ૩ થી ૪

## જીવનમાં વાણીનું મહત્ત્વ

પોપટની મીઠી વાણીના લીધે લોકો તેને પાળે છે. સારું સારું ખવડાવે છે જ્યારે ઘુવડ મૂઓ મૂઓ બોલે છે તો લોકો તેને પથ્થર મારી ભગાડે છે. માટે જે કંઈ બોલ બોલવા તે વિચારીને જ બોલવા જોઈએ. કવિતા છે કે,

**પ્રજા જુઓ પોપટ ઘેર પાળે, સુખે સુઈ ઘુડ શકે ન માળે ।**
**ઉચ્ચારનું કારણ એ જ જાણી, વિચારીને ચાર ઉચ્ચાર વાણી ।।**

કોઈપણ વ્યક્તિને વાણીથી જીતી શકાય છે. દબાવી શકાય છે. અને ચૂપ પણ કરી શકાય છે. પરંતુ હૃદયથી પ્રસન્ન કરી શકાય નહિ. હૃદયથી જીતવા માટે પ્રેમ જોઈએ. તો જ વ્યક્તિ આપણી બની શકે.

જો મનુષ્ય ચિંતન કરે તો પોતાના પાપ પુણ્યનો સાચો સાક્ષી પોતે જ છે. તેને તેનું હૃદય જ કહે છે કે શું સાચું અને શું ખોટું છે.

જીભ મનુષ્યને જન્મથી જ મોઢામાં હોય છે અને તે મરણપર્યંત ટકી રહે છે કારણ કે તે મુલાયમછે જ્યારે દાંત પાછળથી આવે છે અને ઉંમર થતાં પડી જાય છે કારણ કે તે કઠણ છે. માટે જે વ્યક્તિ જીભ જેવી નરમ મધુર ભાષી, પ્રેમાળ હોય તે સમાજમાં ટકી રહે છે. જ્યારે દંભી, ઉધ્ધત અને અક્કડ વ્યક્તિ ફેંકાઈ જાય છે.

જીભ મુલાયમ હોવા છતાં જો તે વિફરે તો તે પોતાને નુકશાન નહી થવા દેતાં ભલભલાના દાંત પડાવી નાખે છે. અગર તો શરીરના બીજા ભાગને નુકશાન પહોંચાડે, માર ખવડાવે.

વાચા અનો શક્તિ છે. મધુર વાણીનું શિક્ષણનાનપણથી જ અપાવું જોઈએ. વાણીની શક્તિ જો સારા રસ્તે વપરાય તો સમાજ આપણો બનાવી શકાય. સમાજને સારા માર્ગે દોરી શકાય અને જો ખરાબ રસ્તે વપરાય તો સમાજમાં લડાઈ ઝઘડા કરાવી અનર્થ વધારી મૂકે. મીઠી અને મધુર વાણી બોલનારના કામો સરળતાથી ઉકલી જાય છે. કારણ કે તેનાથી સદ્ભાવ ઉત્પન્ન થાય છે. તમારે બીજાનો પ્રેમ મેળવવો હોય તો તમારાં વાણી અને વર્તનમાંથી કાંટા અને ધારને બુઠ્ઠા કરવા પડશે.

*- સંકલન*



## શુભ લગન



પાયલ ભરત નટવરલાલ કડકીઆ
કાર્તિક હરેશભાઈ જેઠાલાલ શાહ (વડોદરાવાળા)

અમીષ ભરતકુમાર બાબુલાલ પરીખ
માનસી લલીતભાઈ રમણીકલાલ દેસાઈ (ઈન્દોરવાળા)

નેવીલ અજયભાઈ નટવરલાલ શાહ
મિલોની વિજય ઓચ્છવલાલ કડકીઆ

રીતેશ મહેશકુમાર ચીમનલાલ દેસાઈ (બાલાસિનોર)
કૃતિ ભરતકુમાર શાહ અમદાવાદ

ચિરાગ કૌશિકકુમાર નટવરલાલ પારેખ
ભુમિકા નલીન રમણલાલ ધારીઆ

ચિંતન વિનીતકુમાર રસીકલાલ મોદી (દેવ)
શ્રદ્ધા દીલીપ કાંતીલાલ ચાંદીવાળા

અંકુર શરદ કાંતીલાલ કડકીઆ (ધંગેલા)
મોનાલી રતીલાલ દેસાઈ

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) Ashwin Jethalal Shah
Hetal Ashwin Shah
Sweta Hetal Shah
Mayur Dinkarlal Modi
Sangita Mayur Modi

13927 Coachman Circle
German Town
M.D. - 20874 (U.S.A.)
Tel. : 301- 528 - 2226

૨) મહેશચંદ્ર આર. દેસાઈ
સરસ્વતી પેપર માર્ટ
૬૫ કોટન સ્ટ્રીટ
કોલકતા - ૭૦૦૦૦૭
ફોન : ૨૨૬૯૫૪૪૯

૩) Ashwin Jethalal Shah
Nayna Ashwin Shah
Jignesh Aswin Shah
Neha Jignesh Shah
13933 Coachman Circle
German Town, M.D. 20874 USA
Tel : 301-528-7975

૪) શાહ પ્રવીણચંદ્ર મણીલાલ
મદાની શેરી, વડીખડકી, કુવા પાસે,
ખેડા જિલ્લા, બાલાસિનોર - ૩૮૮૨૫૫
ફોન : ૨૬૩૩૧૦

૫) રાકેશ કે. બસીન - એડવોકેટ હાઈકોર્ટ
શેફાલી રાકેશ બસીન - એડવોકેટ - હાઈકોર્ટ
(અશ્વિનભાઈ કડકીઆ વલ્લવેઘલાની પુત્રી)
ઓફિસ : ૩૮૪-બી દાભોલકર વાડી, બીજે માળે,
ઓફિસ નં. ૨૬, કાલબાદેવી, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૨૨૦૫૫૯૩૧

૬) રસિકલાલ સાકરલાલ કડકીઆ
ડૉ. અતુલ રસિકલાલ કડકીઆ
૧૩૦૨, વસંત આરાધના ટાવર
મહાવીર નગર (દહાણુકરવાડી)
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૫૬૯૩૬૪૭૮

૭) ડૉ. શીવુભાઈ એન. પટેલ
શિવશક્તિ હોસ્પિટલ
ગોવર્ધન પાર્કની સામે,
રાધનપુર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨

## નવા ફોન નંબર

નિકુંજ આર. કડકીઆ (ઓફિસ)
૨૩૪૧૧૯૨૫ / ૨૩૪૫૭૭૦૦૧

## મૃત્યુ નોંધ

| | | ઉ.વ. |
|---|---|---|
| ૧. | સુધાબેન (શાંતાબેન) નટવરલાલ કડકીઆ (હાલોલવાળા) | ૭૬ |
| ૨. | દિવ્યેશકુમાર રસીકલાલ ગાંધી લોઢાવાળા | |
| ૩. | કડકીઆ કશ્યપ કુબેરદાસ | ૪૫ |
| ૪. | મહેતા શાંતિલાલ ભીખાલાલ ધરીવાળા | ૮૦ |
| ૫. | ગાંધી શાંતાબેન મોહનલાલ (મુંબઈવાળા) | ૮૨ |
| ૬. | ધારીઆ તિમીર બાબુલાલ (દાઉદીઆ) | ૫૭ |

***પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે***

*આજ પછી મૃત્યુબાદ જે વ્યક્તિ નેત્રદાન કરશે તેઓનો ફોટો મૃત્યુનોંધ સાથે વિનામૂલ્યે છાપવામાં આવશે. મૃત્યુ બાદ આપની આંખો બીજાને આપીને બે નેત્રહિન બાળકોના જીવનમાં ઉજાશ પાથરશો તો પ્રભુ રાજી થશે. આપના કુટુંબીજનોને આજે જ આપના નેત્રદાનના નિર્ણયની જાણ કરો.* **- તંત્રી**

# કોમ્પ્યુટર શિક્ષણ યોજનામાં અમેરિકાથી ડોનેશન મોકલનાર દાતાઓ

| Name & Khij | Rupees |
|---|---|
| Rajesh Chimanlal Mody | 500.00 |
| Virendra Kirtanlal Kadakia (Latkari) | 500.00 |
| Ashok Kirtanlal Kadakia (Dhangela) | 500.00 |
| Subhash Chabildas Desai | 500.00 |
| Deepak Kantilal Mody | 500.00 |
| Vinod Kirtanlal Kadaki (Latkari) | 500.00 |
| Sharad Shantilal Kadakia (Halolwala) | 500.00 |
| Anil Katilal Kadakia (Dhariwala) | 500.00 |
| Mahesh Maganlal Suthar | 500.00 |
| Piyush Bhikalal Shah (Vrindavanwala) | 500.00 |
| Sharad Jayantilal Kadakia (Vallavghela) | 500.00 |
| Shirish Mojilal Gandhi | 500.00 |
| Sandip Jayantilal Desai (Padalwala) | 500.00 |
| Nitin Occhavlal Mody (Sehrawala) | 500.00 |
| Amit Rasiklal Gandhi (Paka) | 500.00 |
| Rajesh Jayantilal Kadakia (Vallavghela) | 2,500.00 |
| Pankaj Babulal Kadakia (Vallavghela) | 500.00 |
| Yogesh Rameshchandra Shah (Chakwa) | 500.00 |
| Dilip Natwarlal Mehta | 500.00 |
| Urvashi Ajay Madan | 500.00 |
| Jaideep Navnitlal Dharia (Dalal) | 500.00 |
| Purav Kiranbhai Desai | 1,000.00 |
| Mayur Ramniklal Mody | 900.00 |
| Vibha Jawahar Shah | 500.00 |
| | 15,000.00 |